RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 144 Dt. 17-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સૌરાષ્ટ્રની તરસી ધરતી થશે તૃપ્ત : પાટીલ

## કુમાર વિશ્વાસનું આહવાન : પ્રાકૃતિકતાને દેવતા નહિ મનાઈ ત્યાં સુધી જળસંચાય ક્ષેત્રે રહેશે પડકાર

રાજકોટ, તા. ૧૬

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જળસંચય અને જળસંવર્ધન માટે ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રકચર કાર્યાન્વિત કરવા માટે કાર્યરત સંસ્થા ગીરગંગા પરિવાર ટ્રસ્ટના ઉપક્રમે રાજકોટના રેસકોર્સ મેદાનમાં વિખ્યાત તત્વચિંતક, વિશ્લેષક, કથાકાર અને કવિ ડો. કુમાર વિશ્વાસની વિશ્વમાં સૌથી પહેલી એવી અનોખી 'જલકથા : અપને અપને શ્યામ કી'નો દબદબાભેર મંગલ પ્રારંભ થયો હતો. આ જલકથા પૂર્વે જળસંચય વિશે લોકોમાં જાગૃતતા આવે અને જન ભાગીદારી સુદ્રઢ બને એ માટે છેલ્લા ઘણાં દિવસોથી શ્રેણીબદ્ધ કાર્યક્રમોની શૃંખલા રચવામાં આવી હતી. ભાવિ પેઢી અને ભવિષ્યના પાણીદાર સૌરાષ્ટ્ર અને ગુજરાતની પરિકલ્પના સાકાર કરવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ડો. કુમાર વિશ્વાસની આ જલકથા દ્વારા સમુચા દેશ અને દુનિયાનું ધ્યાન પણ રાજકોટ અને સૌરાષ્ટ્ર તરફ ખેંચાયું છે. આ ભવ્ય અને સંગીતમય જલકથાના પ્રથમ દિવસે ડો. કુમાર વિશ્વાસે રામાયણ, મહાભારત અને ભગવત ગીતના વિવિધ પ્રસંગોની પોતીકી અનોખી શૈલીમાં વિસ્તૃત અને સરળ છણાવટ કરતાં ઉપસ્થિત શ્રોતાઓ આફરીન પોકારી ઉઠ્યા હતા. પોતાના આગવા અંદાજમાં ડો. કુમાર વિશ્વાસ પૂર્ણપણે ખીલ્યાં હતા અને સાંપ્રત સમયની સમસ્યાઓ અને તેના ઉકેલમાં ભારતની





ભૂમિકા વિશે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. કથા દરમિયાન યુવાનોને પોતાના પ્રશ્નો ગીરગંગાના માધ્યમથી પૂછવાનું આહવાન કર્યું હતું અને યુવાનોમાં વ્યાપ્ત અસમંજસને દૂર કરવા તેઓએ તમામ પ્રશ્નોના જવાબો આપવાનો કોલ પણ આપ્યો હતો.

કથાના બીજા દિવસે કેન્દ્રીય જળ સંચય મંત્રી સી આર પાટીલ દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી જેમાં તેઓએ જણાવ્યું કે હાલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વડાપ્રધાન મોદીના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે આગળ વધી રહ્યા છે જેમાં જળસંચય જનભાગીદારીથી થાય તે વિષયને વળગી આગળ વધી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે ૧૫ કરોડનું દાન ગીર ગંગા પરિવારને આપ્યું છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે હાલ સમગ્ર દેશમાં રિવર લિન્કિંગ સહિતના અનેકવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે જેથી ભવિષ્યમાં પાણી પ્રશ્ન લોકોને ન સતાવે અને આવનારી પેઢીને પાણી પ્રશ્ન હેરાન ન થવું પડે આ તકે સીઆર પાર્ટીને જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને ગુજરાત દાનવીર ભૂમિ છે ત્યારે આવતી પેઢીને કોઈ તકલીફ ન પડે તે માટે જળસંચયના કાર્યો હાથ ધરાઈ રહ્યા છે.

વધુમાં ગુજરાત મોડલ દરેક ક્ષેત્રે દેશમાં અગ્રહ હરોળમાં છે ત્યારે જળસંચયમાં પણ પ્રથમ ક્રમે રહેશે. સાથોસાથ ઘર અને લોકો સુધી જળસંચય ના કાર્યો પહોંચે તે ખૂબ જરૂરી છે. યોગ્ય જળસંચય કરવામાં આવે તો પાણી સહજતાથી જમીનમાં ઉતરશે અને તેનો લાભ પણ લોકો ગમે તે ઘડીએ લઈ શકશે. કુમાર વિશ્વાસ દ્વારા જે કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે તેનાથી લોકોને માર્ગદર્શન મળશે અને જળકથાના માધ્યમથી દેશભરમાં એક અલગ જ ક્રાંતિ સર્જાશે તેમ સી.આર પાટીલે જણાવ્યું હતું.

બીજી તરફ કથાકાર ડોક્ટર કુમાર વિશ્વાસે પણ પોતાની આગ વિશેની માં જણાવ્યું કે જ્યારે પ્રાકૃતિક ચીજ વસ્તુઓને લોકો દેવી દેવતા તરીકે માનશે ત્યારે જ તે પોતાનું કાર્ય કરશે. વધુમાં તેઓ ઉમેર્યું હતું કે સૌરાષ્ટ્રમાં શરૂ થયેલી જડયાત્રા દેશ માટે ઉદાહરણ સ્વરૂપ છે. સમગ્ર વિશ્વ માટે જળ ગંભીર વિષય છે પરંતુ ભારતની સ્થિતિ ખૂબ જ સારી છે. પરંતુ આ તમામ કામગીરી જળસંચય જન ભાગીદારી થી થાય તે ખૂબ જરૂરી છે. હાલ ગ્રામીણ ભાગીદારી અને છેવાડાના લોકો સુધી જળસંચયના કાર્યો હાથ ધરાઈ તે આગામી પેઢી માટે આશીર્વાદરૂપ નિવડશે.

# ઓસ્ટ્રેલિયા બિચ હત્યકાંડમાં ખુલ્યુ હૈદરાબાદ કનેક્શન

## ૧૬ લોકોની હત્યા કરનાર પિતા-પુત્રની જોડી હૈદરાબાદ સાથે સંકળાયેલી

નવીદિલ્હી, તા. ૧૬

૧૪ ડિસેમ્બરે સિડનીના બોન્ડી બીચ પર થયેલા હત્યાકાંડનું ભારતીય કનેક્શન ખુલ્યું છે. સિડનીમાં ૧૬ નિર્દોષ લોકોની હત્યા કરનાર પિતા-પુત્રની જોડી ભારતના હૈદરાબાદ સાથે સંકળાયેલી છે. તેલંગાણાના ડીજીપીએ આ માહિતી જાહેર કરી. ડીજીપીએ જણાવ્યું કે સાજિદ અકરમ મૂળ હૈદરાબાદનો છે પરંતુ ૨૭ વર્ષ પહેલા (૧૯૯૮માં) ભારત છોડીને ગયો હતો. ડીજીપીએ સમજાવ્યું કે સાજિદે હૈદરાબાદથી બી.કોમ.ની ડિગ્રી પૂર્ણ કરી હતી અને નોકરીની શોધમાં લગભગ ૨૭ વર્ષ પહેલા ઓસ્ટ્રેલિયા ગયો હતો. બાદમાં તેણે ઓસ્ટ્રેલિયામાં કાયમી સ્થાયી થયા પહેલા યુરોપિયન મૂળની મહિલા વેનેરા ગ્રોસો સાથે લગ્ન કર્યા હતા. સાજિદ અને વેનેરાને બે બાળકો છેઃ એક પુત્ર અને એક પુત્રી. પુત્ર, નવીદ અકરમ, સિડની હુમલામાં હુમલો કરનાર છે.

તેમણે જણાવ્યું કે સાજિદ અકરમ હજુ પણ ભારતીય પાસપોર્ટ ધરાવે છે, અને તેનો પુત્ર, નવીદ



અકરમ અને પુત્રી ઓસ્ટ્રેલિયામાં જન્મ્યા હતા અને ઓસ્ટ્રેલિયન નાગરિક છે. ડીજીપીએ જણાવ્યું કે, ભારતમાં તેના સંબંધીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, સાજિદ અકરમનો છેલ્લા ૨૭ વર્ષમાં હૈદરાબાદમાં તેના પરિવાર સાથે ખૂબ જ ઓછો સંપર્ક રહ્યો હતો. ઓસ્ટ્રેલિયા ગયા પછી તેણે છ વખત ભારતની મુલાકાત લીધી હતી. પિતાના મૃત્યુ સમયે પણ તે ભારત પાછો ફર્યો ન હતો. જોકે, પરિવારના સભ્યોએ તેના કટ્ટરપંથીકરણ અંગે કોઈ માહિતી આપી ન હતી.

તેલંગાણા ડીજીપીએ એમ પણ જણાવ્યું હતું કે સાજિદ અકરમ અને તેમના પુત્ર નવીદના કટ્ટરપંથીકરણ પાછળના કારણોનો ભારત કે તેલંગાણા સાથે કોઈ સંબંધ નથી. ૧૯૯૮માં ભારત છોડતા પહેલા ભારતમાં રહેતા સાજિદ અકરમ સામે તેલંગાણા પોલીસનો કોઈ ગુનાહિત રેકોર્ડ નથી. જો જરૂરી હોય તો તેલંગાણા પોલીસ કેન્દ્રીય એજન્સીઓ અને અન્ય વિભાગો સાથે સહયોગ કરવા માટે પ્રતિબદ્ધ છે. સિડનીના બોન્ડી બીચ પર થયેલા આતંકવાદી હુમલામાં ૧૬ નિર્દોષ લોકો માર્યા ગયા અને ૬૦ થી વધુ લોકો ઘાયલ થયા. પોલીસે તેને આતંકવાદી ઘટના ગણાવી છે. હનુક્કાહના યહૂદી તહેવાર માટે બોન્ડી બીચ પર હજારો લોકો હાજર હતા. આ સમય દરમિયાન, પિતા-પુત્રની જોડી (સાજિદ અને નવીદ અકરમ) એ હત્યાકાંડ શરૂ કર્યો. તેઓએ લગભગ ૨૦ મિનિટ સુધી ગોળીબાર કર્યો. જવાબી ગોળીબારમાં સાજિદનું મોત થયું, જ્યારે નવીદને ગોળી વાગી.

## ૨૦૨૫ માં ૩,૦૭૭ રાજીનામા નોંધાયા જેમાં બીએસએફના સૌથી વધુ ૧,૧૫૭

# ત્રણ વર્ષમાં ૪૩૮ CAPF જવાનોએ કરી આત્મહત્યા

નવીદિલ્હી, તા. ૧૬

મંગળવારે સરકારે લોકસભામાં માહિતી આપી હતી કે છેલ્લા ત્રણ વર્ષમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF), આસામ રાઈફલ્સ અને નેશનલ સિક્યુરિટી ગાર્ડ્સ (NSG) ના કર્મચારીઓમાં કુલ ૪૩૮ આત્મહત્યા અને સાથીદારોની હત્યાના સાત બનાવો નોંધાયા છે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે નીચલા ગૃહમાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. એક ડેટા ટાંકીને તેમણે કહ્યું કે CAPF જવાનોમાં આત્મહત્યાના કેસોની સંખ્યા ૨૦૨૩ માં ૧૫૭ થી ઘટીને ૨૦૨૫ માં ૧૩૩ થઈ ગઈ છે, જ્યારે ૨૦૨૩ માં સાથીદારોની હત્યાના બે બનાવો, ૨૦૨૪ માં એક અને ૨૦૨૫ માં આવી ચાર ઘટનાઓ નોંધાઈ હતી. રાયના મતે, ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (૧૫૯) માં આત્મહત્યાના સૌથી વધુ કેસ નોંધાયા હતા, ત્યારબાદ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (૧૨૦) અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (૬૦) નો ક્રમ આવે છે.

રાજીનામા અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ થી ૨૦૨૫ દરમિયાન



CAPF અને આસામ રાઈફલ્સના કુલ ૨૩,૩૬૦ જવાનોએ સેવામાંથી રાજીનામું આપ્યું હતું. આ સમયગાળા દરમિયાન, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ ૭,૪૯૩ રાજીનામા આપ્યા હતા, ત્યારબાદ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) એ ૭,૪૫૬ અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) એ ૪,૧૩૭ રાજીનામા આપ્યા હતા.

ડેટા દર્શાવે છે કે ૨૦૨૫ માં અત્યાર સુધીમાં ૩,૦૭૭ રાજીનામા નોંધાયા છે, જેમાં BSF એ સૌથી વધુ ૧,૧૫૭ રાજીનામા આપ્યા છે. સેવાની શરતો અંગેના પ્રશ્નોના જવાબમાં મંત્રીએ કહ્યું કે CAPF કર્મચારીઓ સામાન્ય રીતે આઠ કલાકની શિફ્ટમાં કામ કરે છે, જોકે ફરજના કલાકો ''ઓપરેશનલ આવશ્યકતાઓ'' ના આધારે બદલાય છે અને બટાલિયન માળખામાં આરામ, રજા અને તાલીમ માટેની જોગવાઈઓનો સમાવેશ થાય છે. સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), આસામ રાઈફલ્સ અને નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) ના ૪૩૮ જવાનોએ આત્મહત્યા કરી છે. સાત સૈનિકોએ સાથીદારોની હત્યા કરી. CRPF માં સૌથી વધુ આત્મહત્યાના કિસ્સા નોંધાયા, જેમાં ૨૩,૩૬૦ સૈનિકોએ રાજીનામું આપ્યું. BSF માં સૌથી વધુ રાજીનામા આપ્યા. સૈનિકોને આઠ કલાકની ડ્યુટી શિફ્ટ આપવામાં આવે છે.

# રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન પર પ્રતિબંધ

## ગૃહ વિભાગે યુવાધનને ડ્રગ્સથી બચાવવા લીધો નિર્ણય : રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં વેચાણ બંધ




અમદાવાદ, તા. ૧૬

રાજ્યના ગૃહ વિભાગે કેટલાક યુવાઓ દ્વારા કરવામાં આવતા નશાને રોકવા માટે એક મહત્વપૂર્ણ અને તાત્કાલિક નિર્ણય લીધો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (ઈગજ્જ)ની કલમ ૧૬૩(૨) અને ૧૬૩(૩) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતમાં રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓના સંગ્રહ, વેચાણ, વિતરણ અને હેરાફેરી પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. યુવાઓ દ્વારા અલગ અલગ પ્રકારના નશાયુક્ત માદક પદાર્થોના સેવન માટે રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ગંભીર બાબત ધ્યાને આવતા આ બાબતે બારીક અભ્યાસ કરીને ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં સ્પષ્ટ જણાવાયું છે કે, આ રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનમાં ટાઈટેનિયમ ઓક્સાઈડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટિફિશિયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. ગૃહ વિભાગના જાહેરનામા મુજબ હવે રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં આ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરવાનું રહેશે. આ આદેશનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (ઈગજ)ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં નશાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું હતું. ખાસ કરીને 'એબીપી અસ્મિતા' દ્વારા છેલ્લા પાંચ દિવસથી 'ગોગો પેપર' (ઋક્ષલજ્ઞ ડ્ફાયિ) ના ખૂલ્લેઆમ વેચાણ અને તેના દુષ્પ્રભાવ અંગે એક મુહિમ ચલાવવામાં આવી હતી. મીડિયાના આ અસરકારક અહેવાલ બાદ ગુજરાત સરકાર સફાળી જાગી છે અને તાત્કાલિક અસરથી રાજ્યભરમાં ગોગો પેપર, રોલિંગ પેપર અને પરફેક્ટ રોલ જેવી સામગ્રીના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ લાદી દીધો છે.

સરકારના ધ્યાનમાં આવ્યું હતું કે યુવાનો અને સગીરો ચરસ-ગાંજા જેવા માદક પદાર્થોનું સેવન કરવા માટે આ પ્રકારના પેપર્સ અને કોનનો ઉપયોગ કરી રહ્યા છે. આ પેપર્સ માત્ર નશાને પ્રોત્સાહન નથી આપતા, પરંતુ સ્વાસ્થ્ય માટે પણ અત્યંત ઘાતક છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ પેપર્સમાં ટાઈટેનિયમ ઓકસાઈડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટીફીશયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી રાસાયણિક પદાર્થો હોય છે. આ રસાયણો માનવ શરીર માટે ધીમા ઝેર સમાન છે અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ નોતરી શકે છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં સરળતાથી મળતી નશાની સામગ્રી પર રોક લગાવવાનો અને યુવા પેઢીને બરબાદ થતી અટકાવવાનો છે. સરકારના આ પગલાને વાલીઓ અને સામાજિક સંગઠનો દ્વારા આવકારવામાં આવ્યો છે. પોલીસ તંત્રને પણ આ જાહેરનામાનો કડક અમલ કરાવવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

# IPLનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી બનતો કેમેરોન ગ્રીન

## મીની–હરાજીમાં કુલ ૩૬૦ ખેલાડીઓ બોલી માટે મૂકવામાં આવ્યા
## ભારતીય ખેલાડીઓમાં, વેંકટેશ ઐયરને સૌથી વધુ બોલી મળી




રાજકોટ, તા. ૧૬

૨૦૨૬ ઇન્ડિયન પ્રીમિયર લીગના ખેલાડીઓ માટે મીની-હરાજી મંગળવારે અબુ ધાબીના એતિહાદ એરેના ખાતે યોજાઈ હતી. તમામ ૧૦ ફ્રેન્ચાઇઝી ટીમો, તેમજ ચાહકો અને ભાગ લેનારા ખેલાડીઓ, આ મીની-હરાજીની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આ IPL મીની-હરાજીમાં કુલ ૩૬૦ ખેલાડીઓ બોલી માટે મૂકવામાં આવશે. જોકે, ફક્ત ૭૭ ખેલાડીઓ વેચાશે, જેમાં મહત્તમ ૩૧ વિદેશી ખેલાડીઓ હશે. આકિબ નબી દાર અને પ્રશાંત વીર પછી, કાર્તિક શર્મા એક નવું નામ ઉભરી રહ્યું છે. તેને IPL ૨૦૨૬ ની હરાજીમાં ચેન્નાઈ સુપર કિંગ્સ દ્વારા ₹૧૪.૨૦ કરોડમાં ખરીદવામાં આવ્યો હતો. તેની બેઝ પ્રાઈસ ફક્ત ₹૩૦ લાખ હતી, અને ₹૧૪.૨૦ કરોડની બોલી તેને IPL ઇતિહાસનો સૌથી મોંઘો અનકેપ્ડ ખેલાડી બનાવે છે.

મુંબઈ ઇન્ડિયન્સે કાર્તિક શર્મા માટે પહેલી બોલી લગાવી હતી, પરંતુ કોલકાતા નાઈટ રાઇડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયું. LSG પાછું ખેંચી લીધા પછી, ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઇડર્સને પડકાર ફેંક્યો. અંતે, CSK એ ૧૯ વર્ષીય કાર્તિક શર્માને ખરીદવા માટે ₹૧૪.૨૦ કરોડની બોલી લગાવી. કાર્તિક એક વિકેટકીપર-બેટ્સમેન છે. ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન IPL ઇતિહાસનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી બન્યો, જેને કોલકાતા નાઈટ રાઈડર્સે ₹૨૫.૨ કરોડમાં ખરીદ્યો. ભારતીય ખેલાડીઓમાં, વેંકટેશ ઐયરને સૌથી વધુ બોલી મળી, જેને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ₹૭ કરોડમાં ખરીદ્યો. શ્રીલંકાના ફાસ્ટ બોલર મથિશ પથિરાનાને ₹૧૮ કરોડમાં કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમમાં ઉમેરવામાં આવ્યો. રાજસ્થાન રોયલ્સે ભારતના સ્ટાર સ્પિનર રવિ બિશ્નોઈ માટે ₹૭.૨૦ કરોડ ખર્ચ્યા. અનકેપ્ડ ખેલાડીઓ પ્રશત વીર (₹૧૪.૨૦ કરોડ) અને કાર્તિક શર્મા (₹૧૪.૨૦ કરોડ) ને ચેન્નાઈ સુપર કિંગ્સે ₹૧૪.૨૦ કરોડમાં ખરીદ્યા, જેનાથી તેઓ સંયુક્ત રીતે સૌથી મોંઘા અનકેપ્ડ ખેલાડીઓ બન્યા. આગામી સીઝન માટે IPL હરાજીમાં દસ ફ્રેન્ચાઇઝી કુલ ૩૬૯ ખેલાડીઓનું ભાવિ નક્કી કરી રહી છે. આ વખતે, હરાજીમાં ૨૪૦ ભારતીય ક્રિકેટરો અને ૧૧૦ વિદેશી ખેલાડીઓ છે.

બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાન માટે ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે બોલી લગાવવાનો જંગ શરૂ થયો. ચેન્નાઈએ લગભગ ₹૫.૪૦ કરોડમાં બોલર ખરીદ્યો હતો, પરંતુ પછી કોલકાતાએ મેદાનમાં ઉતરીને તેને ₹૯.૨૦ કરોડમાં ખરીદ્યો. બેટ્સમેન રાહુલ ત્રિપાઠી ફરી એકવાર કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે જોડાયો છે, જેણે તેને ₹૭૫ લાખમાં ખરીદ્યો છે. અત્યાર સુધી, બધી ફ્રેન્ચાઇઝીઓએ ઈંડ્ક ૨૦૨૬ ની હરાજીમાં અનકેપ્ડ ખેલાડીઓ પર ₹૪૬.૭ કરોડ ખર્ચ્યા છે. પ્રશાંત વીરને ₹૧૪.૨ કરોડ અને કાર્તિક શર્માને ₹૧૪.૨ કરોડ મળ્યા. આ બંને ખેલાડીઓ ચેન્નાઈ સુપર કિંગ્સ દ્વારા ખરીદવામાં આવ્યા હતા. વધુમાં, આકિબને દિલ્હી કેપિટલ્સ દ્વારા ₹૮.૪૦ કરોડમાં ખરીદવામાં આવ્યો હતો.

રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઇડર્સ દ્વારા અનકેપ્ડ ફાસ્ટ બોલર અશોક શર્મા માટે બોલી લગાવવામાં આવી હતી. ગુજરાતે પણ એન્ટ્રી કરી હતી. ગુજરાત ટાઇટન્સે અશોકને ૯૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. અશોકની બેઝ પ્રાઈસ ૩૦ લાખ રૂપિયા છે. રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સે મુકુલ ચૌધરીને બોલી લગાવી હતી. લખનૌએ તેને ૨ કરોડ ૬૦ લાખ રૂપિયામાં ખરીદ્યો, તેની બેઝ પ્રાઈસ ૩૦ લાખ રૂપિયા હતી. કોલકાતા અને ચેન્નાઈએ યુવા વિકેટકીપર બેટ્સમેન કાર્તિક શર્મા માટે ભારે બોલી લગાવી. કોલકાતાએ ૧૩ કરોડ રૂપિયામાં પીછેહઠ કરી. આ પછી હૈદરાબાદ મેદાનમાં ઉતર્યું. જોકે, ચેન્નાઈ સુપર કિંગ્સે કાર્તિક શર્માને ૧૪.૨ કરોડ રૂપિયામાં ખરીદ્યો.

### હરાજીમાં વેચાયેલા ખેલાડીઓની સંપૂર્ણ યાદી

૧. ડેવિડ મિલર (દક્ષિણ આફ્રિકા) – ₹૨ કરોડ, દિલ્હી કેપિટલ્સ
૨. કેમેરોન ગ્રીન (ઓસ્ટ્રેલિયા) – ₹૨૫.૨૦ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૩. વાનિન્દુ હસરંગા (શ્રીલંકા) – ₹૨ કરોડ, લખનૌ સુપર જાયન્ટ્સ
૪. વેંકટેશ ઐયર – ₹૭ કરોડ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
૫. ક્વિન્ટન ડી કોક (દક્ષિણ આફ્રિકા) – ₹૧ કરોડ, મુંબઈ ઈન્ડિયન્સ
૬. બેન ડકેટ (ઈંગ્લેન્ડ) – ₹૨ કરોડ, દિલ્હી કેપિટલ્સ
૭. ફિન એલન (ન્યૂઝીલેન્ડ) – ₹૨ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૮. જેકબ ડફી (ન્યૂઝીલેન્ડ) – ₹૨ કરોડ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
૯. મથિશા પથિરાના (શ્રીલંકા) – ₹૧૮ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૧૦. એનરિચ નોર્ટજે (દક્ષિણ આફ્રિકા) – ₹૨ કરોડ, લખનૌ સુપર જાયન્ટ્સ
૧૧. રવિ બિશ્નોઈ – ₹૭.૨૦ કરોડ, રાજસ્થાન રોયલ્સ
૧૨. અકીલ હુસૈન (વેસ્ટ ઈન્ડિઝ) – રૂ. ૨ કરોડ, ચેન્નાઈ સુપર કિંગ્સ
૧૩. આકિબ નબી – રૂ ૮.૪૦ કરોડ, દિલ્હી કેપિટલ્સ
૧૪. પ્રશાંત વીર – ૧૪.૨૦ કરોડ રૂપિયા, ચેન્નાઈ સુપર કિંગ્સ
૧૫. શિવાંગ કુમાર – ૩૦ લાખ રૂપિયા, સનરાઈઝર્સ હૈદરાબાદ
૧૬. કાર્તિક શર્મા – રૂ. ૧૪.૨૦ કરોડ, ચેન્નાઈ સુપર કિંગ્સ
૧૭. મુકુલ ચૌધરી – રૂ. ૨.૬૦ કરોડ, લખનૌ સુપર જાયન્ટ્સ
૧૮. તેજસ્વી સિંહ – રૂ. ૩ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૧૯. અશોક શર્મા – રૂ. ૯૦ લાખ, ગુજરાત ટાઇટન્સ
૨૦. કાર્તિક ત્યાગી – રૂ. ૩૦ લાખ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૨૧. નમન તિવારી – ૧ કરોડ રૂપિયા, લખનૌ સુપર જાયન્ટ્સ
૨૨. સુશાંત મિશ્રા – રૂ. ૯૦ લાખ, રાજસ્થાન રોયલ્સ
૨૩. યશરાજ પુંજા – રૂ. ૩૦ લાખ, રાજસ્થાન રોયલ્સ
૨૪. પ્રશાંત સોલંકી – રૂ. ૩૦ લાખ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૨૫. વિગ્નેશ પુથુર – રૂ. ૩૦ લાખ, રાજસ્થાન રોયલ્સ
૨૬. પથુમ નિસાન્કા (શ્રીલંકા) – રૂ. ૪ કરોડ, દિલ્હી કેપિટલ્સ
૨૭. રાહુલ ત્રિપાઠી – રૂ. ૭૫ લાખ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૨૮. જેસન હોલ્ડર (વેસ્ટ ઈન્ડિઝ) – રૂ. ૭ કરોડ, ગુજરાત ટાઇટન્સ
૨૯. મેથ્યુ શોર્ટ (ઓસ્ટ્રેલિયા) – રૂ. ૧.૫૦ કરોડ, ચેન્નાઈ સુપર કિંગ્સ
૩૦. ટિમ સીફર્ટ (ન્યુઝીલેન્ડ) – રૂ. ૧.૫૦ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૩૧. મુસ્તફિઝુર રહેમાન (બાંગ્લાદેશ) – રૂ. ૯.૨૦ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
૩૨. ડેનિશ માલેવર – રૂ. ૩૦ લાખ, મુંબઈ ઈન્ડિયન્સ
૩૩. અક્ષત રઘુવંશી – રૂ. ૨.૨૦ કરોડ, લખનૌ સુપર જાયન્ટ્સ
૩૪. સાત્વિક દેશવાલ – રૂ. ૩૦ લાખ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
૩૫. અમન ખાન – રૂ. ૪૦ લાખ, ચેન્નાઈ સુપર કિંગ્સ

# ભાગવત સાથે ભારત ભારત જ ભાગવત



રાજકોટ, તા. ૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંચાલક આદરણીય મોહન ભાગવતજી રાજકોટવાસીઓ પધારવાના છે એ રાજકોટ માટે સૌ વિશેષ આનંદની વાત છે.રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં મોદીજી સાથે સફેદ દાઢી મુછ વાળા આ વડીલ કોણ છે અને કેમ તેઓ આવી વિરલ ક્ષણ અને સ્થળે મોદીજી ની સમકક્ષ બેઠા છે શું તેઓ રાષ્ટ્રપિતા છે?

આવો પ્રશ્ન મને એક બાળકે સરળ શબ્દમાં પૂછ્યો. મારાથી રહેવાયું નહીં મેં ઉતાવળમાં હા પાડી દીધી કે હા તેવો ખરા અર્થમાં રાષ્ટ્રપિતા છે. મારું વ્યક્તિગત ચાલે તો કાલે જ ચલણી નોટોમાં ભાગવત સાહેબ નો ફોટો લગાવી દવ. જેમ બાબરી મસ્જિદ ની જગ્યાએ રામ મંદિર બની ગયું તેમ આ પણ કરીશું. આ માટે જરૂરી છે કે ભારતનો યુવાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શું છે તે સમજે અને સંઘ સાથે જોડાય. અને અનુકૂળતા પ્રમાણે પોતાની નજીકની શાખામાં જાય... હાલ ૧૩ ડિસેમ્બર થી ૪ જાન્યુઆરી ‘‘ઘર ઘર સંપર્ક અભિયાન‘‘ ચાલી રહ્યું છે, જેમાં સંઘના પ્રચારકો દ્વારા ઘરે ઘરે જઈને સામાજિક સમરસતા, સ્વ બોધ, પર્યાવરણ સરક્ષણ, કુટુંબ પ્રબોધન, અને નાગરિક કર્તવ્ય જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. દરેક પરિવારને એક પત્રિકા આપવામાં આવશે, જેમાં સંઘની માહિતી અને પંચ પરિવર્તનની જાણકારી હશે.



**આલેખન :** કુલદીપસિંહ જાડેજા

# ખેડૂતોને ચૂકવાઈ ૬,૮૦૫ કરોડની સહાય

## મગફળી સહિત વિવિધ પાક માટે ૪.૭૫ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની ખરીદી

રાજકોટ, તા. ૧૬

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કમોસમી વરસાદમાં થયેલા નુકસાન અન્વયે જાહેર કરાયેલા આર્થિક પેકેજ અંતર્ગત ઝડપભેર ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજ્યભરમાં વરસેલા કમોસમી અસાધારણ વરસાદના કારણે ખેડૂતોને ખૂબ મોટું આર્થિક નુકસાન થયું હતું. જે અંતર્ગત રાજ્યના ખેડૂતોને આર્થિક સહાય આપી પગભર થવા અને તેમની પડખે ઊભા રહીને પાક સર્વે પૂર્ણ કરીને રૂ. ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. આ કૃષિ રાહત પેકેજ હેઠળ રાજ્યના ૩૩ લાખ ખેડૂતોએ અરજી કરી હતી, જેમાંથી અત્યાર સુધીમાં ૨૭ લાખથી વધુ ખેડૂતોને સહાય પેટેની અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને છેલ્લા ૧૦ દિવસમાં કુલ ૨૨.૯૦ લાખથી વધુ લાભાર્થીઓના ખાતામાં રૂ. ૬,૮૦૫ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. જ્યારે બાકીના ખેડૂતોને સહાય ચૂકવવાની કામગીરી યુદ્ધના ધોરણે કરાવવામાં આવી રહી છે, જે ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

તેમેણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને હેક્ટર દીઠ સહાય અગાઉ રૂ. ૧૧ હજાર હતી તે વધારીને રૂ. ૨૨ હજાર અને બે હેક્ટરની મર્યાદામાં વધુમાં વધુ રૂ. ૪૪ હજાર આર્થિક સહાય ચૂકવવામાં આવી રહી છે. જેનો રાજ્યના ૧૮ હજાર ગામોમાંથી ૧૭ હજાર ગામોના ખેડૂતોને લાભ મળ્યો છે.મંત્રી મોઢવાડીયાએ વધુમાં કહ્યું હતું કે, આર્થિક સહાય અંતર્ગત મગફળી સહિતના વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરીને રાજ્ય સરકાર ખેડૂતોની હામી બની છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે રૂ. ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદી કરવાનું નક્કી કર્યું છે.



હાલમાં ગુજરાતમાં મગફળી, સોયાબીન, મગ અને અડદ પાકની ખરીદી માટે ચાલુ વર્ષે રેકોર્ડબ્રેક ૧૦.૧૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ગત વર્ષે આ ખરીદી માટે માત્ર ચાર લાખ ખેડૂતોએ નોંધણી કરાવી હતી, જેમાં આ વર્ષે અઢી ગણો વધારો થયો છે. રાજ્યમાં મગફળીની ખરીદી માટે ૧૧૪ તાલુકામાં ૩૧૭ જેટલા ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. નવેમ્બરથી અત્યાર સુધીમાં મગફળી, સોયાબીન, મગ અને અડદ માટે કુલ ૧૦.૧૧ લાખ ખેડૂતો પૈકી ૪.૭૫ લાખથી વધુ ખેડૂતો પાસેથી ૧૦.૪૯ લાખ મેટ્રિક ટન જથ્થાની રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી કુલ ૨.૧૮ લાખ કરતા વધુ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની ચૂકવણી કરી દેવામાં આવી છે.

આ ઉપરાંત મગફળી સિવાયના પાકની ટેકાના ભાવે ખરીદી હાલમાં ચાલી રહી છે. આમ, આ ટૂંકા ગાળામાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના ખાતામાં રૂ. ૮,૭૯૮ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી છે. ખેડૂતોને મગફળી અને નુકસાનીના બંને પેકેજ સ્વરૂપે કુલ રૂ. ૨૬ હજાર કરોડની માતબર રકમનું ચૂકવણું કરવામાં આવશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, આ કિસાન હિતકારી અભિગમ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો, વિવિધ સહકારી આગેવાનો, ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ, સંગઠનના આગેવાનોએ ગાંધીનગરમાં રૂબરૂ મળીને આભાર વ્યક્ત કરીને અભિનંદન આપ્યા હતા.

## રાજકોટ શહેરને પાણી પૂરું પાડતા જળાશયો ૧૫ જાન્યુઆરી સુધીમાં તળિયાજાટક થવાની સંભાવના

# આજી–ન્યારી–૧માં ૫૫૦ MCFT પાણી ઠાલવવા માંગ

રાજકોટ, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી આગામી ઉનાળાની સીઝનને ધ્યાને લઈ અને હાલ રાજકોટમાં પીવાના પાણીની ખપતને ધ્યાને લેતા મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારને જીવાદોરી સમાન આજી અને ન્યારીમાં પાણી ઠલવવા માટે રજૂઆત કરી હતી. ત્યારે જાન્યુઆરી માસથી આ પાણીનો વિતરણ શરૂ કરવામાં આવશે તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે. બીજી સૌથી મોટી વાત એ છે કે બંને જળાશયોમાં ૧૫ જાન્યુઆરી સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે જેથી તંત્રએ બંને ડેમમાં સારા ૫૦૦ એમસીએફટી નર્મદા નીર ઠાલવવાની માંગણી કરેલી છે.

સ્થાનીક જળાશયોમાં ઉપલબ્ધ જળ જથ્થાની સ્થિતી અંગે આજી-૧ ડેમનાં ડીપ્લીશન ચાર્ટ અનુસાર આજી-૧ ડેમ ખાતે ૮૬૨.૫૬ એમ.સી.એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે, જે હાલનાં ઉપાડ અનુસાર જાન્યુઆરીના અંત સુધીમાં અંદાજે માત્ર ૨૮૪.૦૦ એમ.સી.એફ.ટી. ઉપલબ્ધ હશે, જ્યારે ન્યારી-૧ ડેમનાં ડીપ્લીશન ચાર્ટ અનુસાર આજની તારીખે ડેમમાં ૯૯૫.૦૯ એમ.સી.એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે, જે તા. ૩૧માર્ચના રોજ અંદાજે માત્ર ૧૧૧.૦૦ એમ.સી.એફ.ટી. ઉપલબ્ધ હશે.

આજી-૧ ડેમ, ડેડ વોટર ખાતે આવેલ ફ્લોટીંગ બાર્જ માઉન્ટેડ એસ.સી.એફ પમ્પના વર્ટીકલ કોલમ પાઈપ લંબાવીને દૈનીક ૯૦ એમ.એલ.ડી રો વોટર મેળવવાનુ રાબેતા મુજબ ચાલુ રહેશે. પરંતુ આજી-૧ ડેમના વાલ્વ ટાવર પરથી ગ્રેવીટી દ્વારા આજી પમ્પ હાઉસના સંપમા દૈનીક ૫૫ એમ.એલ.ડી રો વોટર મેળવી પમ્પીંગ દ્વારા આજી ફીલ્ટર પર ટ્રાન્સફર કરવામાં આવે છે, જેમાં આજી-૧ ડેમની જળ સપાટીનુ લેવલ ઘટવાથી ગ્રેવીટીથી આજી પમ્પ હાઉસ ખાતે મળતા જળ જથ્થામાં ક્રમશઃ ઘટાડો થાય જેની સીધી અસર દૈનીક ૨૦ મીનીટ પાણી વિતરણ વ્યવસ્થાને થશે.

ઉક્ત બાબત ધ્યાને લેતા આજી-૧ તથા ન્યારી-૧ જળાશયમાં કુલ ૨૬૦૦ એમ.સી.એફ.ટી. જળ જથ્થાની આવશ્યકતા રહે. પરંતુ આગામી એપ્રિલ-મે ૨૦૨૬ દરમ્યાન સૌરાષ્ટ્ર શાખા નહેરને મરામત માટે બંધ કરવાનું આયોજન હોવાથી, પૂર્વ આયોજનના ભાગ રૂપે પાણીની જરૂરીયાત મુજબ સંગ્રહ વ્યવસ્થા કરવા મુખ્ય ઈજનેર, G>UDM દ્વારા સંદર્ભ-૧નાં પત્ર દ્વારા જાણ કરેલ છે. જેથી આ સમયગાળા દરમ્યાન આજી તથા ન્યારી ડેમમાંથી મહત્તમ પાણીનો ઉપાડ કરવો અત્યંત જરૂરી બને. જે કારણોસર વિશેષ ૫૫૦ એમ.સી.એફ.ટી. જળ જથ્થાની જરૂરીયાત ઉપસ્થિત થશે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લેતા, રાજકોટ શહેરમાં આગામી સાલ ૨૦૨૬નાં ચોમાસાનાં વરસાદ પહેલા આજી-૧ તથા ન્યારી-૧ જળાશયમાં તા.૩૧ જુલાઈ અથવા નવી જળરાશી ઉપલબ્ધ થવા સુધી દૈનીક ૨૦ મીનીટ પાણી પુરવઠો સુચારૂ રૂપે જાળવી રાખવા માટે સરકારની સૌની યોજના મારફત આજી-૧ તથા ન્યારી-૧જળાશયમાં ૧ જાન્યુઆરીથી તબક્કાવાર કુલ ૩૧૫૦ એમ.સી.એફ.ટી. જળ જથ્થાની આવશ્યકતા રહે. રાજકોટ શહેરમાં દૈનીક ૨૦ મીનીટ પાણી પુરવઠો સુચારૂ રૂપે જાળવી રાખવા માટે આ જળ જથ્થો સૌની યોજના મારફત ઉપલબ્ધ કરાવવા વિનંતી છે.

# આટકોટ સુધીનો રસ્તો ૧૯૩ કરોડના ખર્ચે થશે ટનાટન

## રાજકોટથી આટકોટનો રસ્તો અત્યંત ભંગાર હાલતમાં હોવાની ફરિયાદ ઉઠતા મુખ્યમંત્રીએ કર્યો આદેશ

રાજકોટ તા. ૧૬

રાજ્ય સરકાર હાલ રોડ રસ્તા તથા માળખાગત સુવિધાઓનો વિકાસ થાય તે દિશામાં જરૂરી પગલાઓ લઈ રહ્યું છે કારણ કે કેન્દ્ર સરકાર દ્વારા હાલ માર્ગ પરિવહનને સુમેળ ભર્યું બનાવવા અને લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટેની તકેદારી રાખવા માટે હાલ આદેશ કર્યો છે જેના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લાઓમાં જે પણ મુખ્ય માર્ગો અને હાઈવેના રસ્તાઓ ખરાબ અથવા તો બિસ્માર હોય તેને નવા કરવાનો નિર્ણય હાલ સરકાર દ્વારા લેવામાં આવ્યો છે ત્યારે રાજકોટ ભાવનગર નો રસ્તો હાલ ખરાબ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે જેને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ સરકારના ધ્યાને મુકતા આ હાઈવે ના રસ્તા ને રી સરફેસ કરવા સરકારે ૧૯૩ કરોડ ફાળવ્યા છે.

રાજકોટ તથા ભાવનગર અને અમરેલી જીલ્લાને જોડતા રાજ્યનાં હાઈ સ્પીડ કોરીડોર નેટવર્કમાં સમાવિષ્ટ રાજકોટ - ભાવનગર રોડ (રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૫) પૈકી રાજકોટ થી આટકોટ સુધીના રસ્તાનાં મજબુતીકરણ, સી.સી. રોડ, રીસર્ફેસીંગ તથા રોડ ફર્નીચરની કામગીરી માટે રૂપિયા ૧૯૩ કરોડ ફાળવવાનો પ્રજાહિતમાં મહત્વનો નિર્ણય કર્યો છે. આ રોડનાં મજબુતીકરણ તથા રીસર્ફેસીંગથી રાજયનાં મહત્વનાં જિલ્લા જેવા કે, રાજકોટ, અમરેલી તથા ભાવનગરનના રસ્તાનું જોડાણ સુગમભર્યું બનશે તથા ત્રણેય જિલ્લાના વાહનચાલકોને આરામદાયક તથા સુરક્ષિત અને સલામત વાહનવ્યવહાર પ્રાપ્ત થશે. આ કામગીરી પેટે રૂપિયા ૧૯૩ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે રાજકોટથી આટકોટ વચ્ચેની ૪૫.૯૦ કિ.મી. લંબાઈમાં ગામતળની લંબાઈમાં સી.સી. રોડ અને સ્ટોર્મ વોટર ડ્રેઈન, રોડનાં મજબૂતીકરણ અને રીસર્ફેસીંગ તેમજ રોડ ફર્નીચર કામનો સમાવેશ થાય છે. આ હાઈસ્પીડ કોરીડોરનાં મજબુતીકરણ તથા રીસર્ફેસીંગથી મુસાફરીનો સમય અને બળતણની બચત થશે

સરળ અને સલામત વાહનવ્યવહાર સાથે પરિવહન વધુ ઝડપી બનશે આ રસ્તાનાં રીસર્ફેસીંગ તથા મજબુરીકરણથી રાજકોટથી આટકોટની વચ્ચે આવતા મુખ્ય ગામો જેવા કે, કસ્તુરબાધામ, અણિયારા, સરધાર, ખારચીયા, વિરનગર, આટકોટ, રાજસમઢિયાળા, હલેન્ડા વિગેરેમાં પ્રગતિનાં નવા દ્વાર ખૂલશે. આ રસ્તો સૌરાષ્ટ્રનાં હાર્દ સમાન હોય, રસ્તાનું મજબુતીકરણ તથા રીસર્વેસીંગ સૌરાષ્ટ્રની અર્થવ્યવસ્થાને વધુ વેગ આપશે. ત્યારે આ હાઈવે નો રસ્તો નવો થતાની સાથે જ અનેકવિધ જે પ્રશ્નો પરિવહનને લઈ સામે ઊભા થતા તેનું તાકીદે નિરાકરણ અને નિવારણ પણ શક્ય બનશે જે રાજકોટ થી ભાવનગર જતા યાત્રિકો અનુભવી શકશે. હાલ સરકાર દ્વારા આ તમામ રોડ રસ્તાઓની મરામત કરવા તથા તેઓને મજબૂત બનાવવા માટેના તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે હાલ રાજકોટ થી ભાવનગર ના હાઈવે ને પણ આ યોજનાનો યોગ્ય લાભ મળશે.




# નાયબ મ્યુ.કમિશનરોને કામગીરીની ફાળવણી

### મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા ઓર્ડરઃ મહેશભાઈ જાની (IAS) ને સેન્ટ્રલ વર્કશોપ, પ્રાણી સંગ્રહાલય, મહેકમ શાખા, સુરક્ષા વિભાગને સોંપાઈ જવાબદારી



રાજકોટ, તા. ૧૬

મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ શહેરીજનોને પોતાના નિવાસસ્થાન નજીકના સ્થળે મળી રહે તે માટે અલગ અલગ ઝોન કાર્યરત છે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં રાજકોટમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે પી. પી. પટેલ (ૠઅજ) ની નિયુક્તિ કરવામાં આવી છે ત્યારે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ તમામ નાયબ મ્યુનિસિપલ કમિશનરની કામગીરીમાં ફેરફાર કરતો હૂકમ કરવામાં આવ્યો છે.

આમાં મહેશભાઈ જાની (ઈઅજ) ને સેન્ટ્રલ વર્કશોપ, પ્રાણી સંગ્રહાલય, મહેકમ શાખા, સુરક્ષા વિભાગ, વિજિલન્સ શાખા, વિજિલન્સ (ટેક.) શાખા , ફાયર એન્ડ ઈમરજન્સી, ડિઝાસ્ટર મેનેજમેન્ટના નોડલ ઓફિસર, આજી રિવર ફ્રન્ટ, વોટર મેનેજમેન્ટ યુનિટ, સેન્ટ્રલ સ્ટોર (એન્જિ.) ઉંક્ષગઅછબ સેલ, અમૃત યોજના, જઉંખખજીઢ, ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ, અને પાર્કિંગ મેનેજમેન્ટ, રાજકોટ રાજપથ લિમિટેડની જવાબદારી સોંપવામાં આવી છે.

નવ નિયુક્ત નાયબ મ્યુનિસિપલ કમિશનર પી. પી. પટેલને ઇસ્ટ ઝોનના બાંધકામ, વોટર વર્ક્સ અને ડ્રેનેજ સંબંધિત તાંત્રિકી વિભાગની જવાબદારી સુપરત કરવામાં આવી છે.

વેસ્ટ ઝોનમાં નાયબ કમિશનર સી. કે. નંદાણીને એ.એન.સી.ડી., બગિચા શાખા, રોશની, આરોગ્ય, આઇ.સી.ડી.એસ,શોપ એન્ડ એસ્ટા, વેરા વસુલાત શાખા, વ્યવસાય વેરો અને અન્ય કર સેલ, મધ્યાહન ભોજન યોજના, સ્માર્ટ સિટી, ઈઈઈ, વેસ્ટ ઝોનનો તાંત્રિકી વિભાગની જવાબદારી સુપરત કરવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોનના ડેપ્યુટી કમિશનર એચ આર પટેલને આવાસ યોજના ( વહીવટી અને ટેકનિકલ) સેન્ટ્રલ સ્ટોર વિભાગ (સ્ટેશનરી) ચૂંટણી તથા વસતી ગણતરી વિભાગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વાઉ સેલ, એસ્ટેટ શાખા, મહાત્મા ગાંધી મ્યુઝિયમ, માર્કેટ શાખા, દબાણ હટાવ વિભાગ, સેન્ટ્રલ ઝોનના તાંત્રિકી વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.

આવી જ રીતે ઇન્ચાર્જ નાયબ મ્યુનિસિપલ કમિશનર (હેડ ક્વાર્ટર) એસ.જે. ધડુકને હિસાબી શાખા, કમ્પ્યૂટર વિભાગ, લીગલ તથા આર.ટી. આઈ. શાખા, પુસ્તકાલય, પ્રોજેક્ટ, સામાન્ય વહીવટ વિભાગ (આયોજન,સેલ, પ્રોટોકોલ) ફરિયાદ નિવારણના નોડલ ઓફિસર, ઈ સરકાર, શાળા બોર્ડ અને હાઇસ્કૂલ વિભાગ, સાંસ્કૃતિક વિકાસ વિભાગ, સ્નાનાગાર વિભાગ, રેસ કોર્સ સંકુલ અને પ્લેનેટોરિયમ, રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશનને લગતી જવાબદારી સુપરત કરવામાં આવી છે.

# ઠંડીથી બચવા મનપાની માર્ગદર્શિકા

### હવા પ્રદુષણના પગલે કામ વગર બહાર ન નીકળવા સૂચના : રાજકોટમાં ઠંડી ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહી છે



રાજકોટ, તા. ૧૬

હાલ સમગ્ર રાજયમાં અને ખાસ રાજકોટમાં ઠંડી ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહી છે અને સાત છે હવા પ્રદુષણ નું પ્રમાણ જે રીતે વધ્યું છે તેનાથી બચવા માટે લોકો જરૂરી પગલા લીએ તે ખૂબ જરૂરી છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા જાહેર જનતાને આરોગ્ય સલાહ આપવામાં આવી છે અને આ સમયગાળા દરમિયાન શું કરવું અને શું ન કરવું તે માટેના આદેશો અને તાકીદ પણ કરવામાં આવી હોવાનું જણાયું છે.

અતિશય ઠંડીના સમયે આટલું અવશ્ય કરો જો જરૂરી ન હોય તો ઠંડીમાં બહાર જવાનું ટાળો (ખાસ કરીને વૃદ્ધો અને બાળકો). પુરતા ગરમ કપડાં પહેરો. હાથ-મોજા, પગરખાં, મોજાં, ટોપી અથવા મફલરનો ઉપયોગ કરો. આંખોને ઠંડીથી બચાવવા માટે બહાર નીકળતી વખતે ચશ્માનો ઉપયોગ કરો. રૂમને ગરમ રાખવા માટે ઘરમાં હીટર, બ્લોઅર વગેરેનો ઉપયોગ કરતી વખતે સાવધાની અને તકેદારી રાખવી શક્ય તેટલું ગરમ અને નવશેકું પાણી પીવો. ઠંડો ખોરાક ખાવાનું અને ઠંડા પીણા પીવાના ટાળો શરીરની રોગપ્રતિકારક શક્તિ જાળવી રાખવા માટે પુરતા પ્રમાણમાં પૌષ્ટિક ખોરાક લો અને વિટામિન-સીથી ભરપુર ફળો અને શાકભાજી ખાઓ અને વધુ કેલરીવાળા ખોરાકનું સેવન કરો. બાળકોને ઠંડીથી બચાવવા માટેની સલાહ : ઠંડીમાં બાળકોનું ખાસ ધ્યાન રાખો, બાળકને ઠંડી હવાથી બચાવો અને લાંબા સમય સુધી ઠંડીમાં ન રહેવા દો.

બાળકોના માથા, ગળા, છાતી અને હાથ-પગને સારી રીતે ઢાંકીને રાખો. બાળકોને એક થી વધારે ગરમ કપડાં પહેરાવો, તેનાથી તેઓ ગરમ રહેશે. બાળકોનું શરીરનું તાપમાન તપાસતા રહો. ઉપરોક્ત બાબતો સિવાય અતિશય ઠંડી જેને ઠંડીનું મોજું કે શીત લહેર કહેવામાં આવે છે ત્યારે સામાન્ય જનતાને નીચે મુજબની બાબતો પર ખાસ ધ્યાનમાં લેવા માટે જણાવવામાં આવે છે.

શીતલહેર સંપર્કને કારણે હિમ લાગવાથી ચામડીનું સુજવું અને હાયપોથર્મિયા રોગ હોઈ શકે છે. હિમ લાગવાથી ચામડીનું સુજવું નાં કારણે શરીરના અંગો, આંગળીઓ અને અંગૂઠા સુન્ન થઈ જાય છે, નાક અને કાનની ચામડીનો રંગ સફેદ કે પીળો થઈ જાય છે, જો આવા લક્ષણો જોવા મળે, તો તરત જ ડોક્ટરની સલાહ લો. હાયપોથર્મિયાના લક્ષણો જેવા કે શરીરનું તાપમાન સામાન્ય કરતા ઓછું થવું, ધ્રુજારી કે કંપારી જે બંધ ન થવી, યાદશક્તિ ગુમાવવી, મુર્છા અથવા બેભાન થવું, અસ્પષ્ટ વાણી થવી વગેરે લક્ષણો જોવા મળે તેવા કિસ્સામાં, તાત્કાલિક નજીકના શહેરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.

# ચીકી-નોનવેજના લેવાયા નમૂના

### ૧૯ ધંધાર્થિઓ પર ચકાસણી, જેમાં ૦૬ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં ખાદ્યચીજોના કુલ ૧૭ નમૂનાની ચકાસણી







રાજકોટ, તા. ૧૬

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા હાલ છેડા ઘણા સમયથી આરોગ્ય લક્ષી કામગીરી પૂરજોશમાં ચલાવવામાં આવી રહી છે તેમાં શંકાના દાયરામાં રહેતા વિક્રેતાઓ પર ઘોષ બોલાવવામાં આવી રહી છે સાથોસાથ ગઈકાલે વિવિધ સ્થળો પર જે દરોડા પાડવામાં આવ્યા અને જે તપાસ હાથ ધરાય તેમાં નોનવેજ ના નમુના પણ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ માટે મહત્વનું એ જ છે કે લોકોનું સ્વાસ્થ્ય કોઈપણ પ્રકારે જોખમ્મા ન મુકાવવું જોઈએ. છેલ્લા ઘણા સમયથી શહેરના વિવિધ વિસ્તારોમાં હાલ તપાસ હાથ ધરવામાં આવી રહી છે પરંતુ સત્ય હકીકત એ પણ છે કે આજે પણ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે.

મનપાના ફૂડ વિભાગ દ્વારા અંતે શિયાળામાં સૌથી વધુ ખવાતી ચિક્કીના નમૂના લેવાનો પ્રારંભ કરી સદર બજારમાં ઓમ સીઝન સ્ટોર, સંગમ વેરાયટી અને ભાવના ફૂડમાંથી અલગ અલગ પ્રકારની ચિક્કીના નમૂના લઇ પૃથ્થકરણ અર્થે લેબમાં મોકલી આપ્યા હતા. તેમજ શહેરના પ્રેમ મંદિર તથા કિડની હોસ્પિટલની પાછળ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૬ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાદ્યચીજોના કુલ ૧૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ હતી.

ફૂડ વિભાગ દ્વારા ચામુંડા મેગી સેન્ટર, બાલાજી છોલે ભટુરે, સ્વાતિ મદ્રાસ કાફે, ક્રિષ્ના સ્નેક્સ, રાધે જ્યુસ સેન્ટર, દીલખુશ પાણીપુરીને મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.બાલાજી દાળ પકવાન, ચામુંડા અમેરિકન મકાઇ, ચામુંડા લચ્છી, ઝેનીશ ખીચું, શિવ છોલે કુલ્ચા, બાલાજી નાસ્તા ગૃહ, ક્રિષ્ના છોલે ભટુરે, રજનીકાન્ત દાળ પકવાન, મહાદેવ પૂરી શાક, શિવાંશ પાણીપુરી, બાલાજી પાણીપૂરી, રાધે ક્રિષ્ના દાળ પકવાન, રજનીકાન્ત મદ્રાસ કાફેની ચકાસણી કરવામાં આવેલ હતી.

# વાઈબ્રન્ટ સમયે આબરૂના ધજાગરા રોકવા હવાતિયા

## મનપાની મિલકતો પર લટકતાં મોતના સામાનરૂપી વાયરો હટાવવા આદેશ

રાજકોટ, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી માળખાગત સુવિધાઓ નો યોગ્ય ઉપયોગ થાય તે માટેના અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા હતા ત્યારે જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ એ વાત સ્પષ્ટ થઈ છે કે હાલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ માટે વડાપ્રધાન મોદી જે રાજકોટ આવી રહ્યા છે ત્યારે શહેરમાં બ્રિજ, પોલ તથા હોર્ડિંગ અને અન્ય બિલ્ડિંગો પર જે વાયરો લગાવવામાં આવેલા છે તેને દૂર કરવા મહાનગરપાલિકા દ્વારા આદેશ કરવા આવ્યો છે અને જો કાપી નાખવામાં નહીં આવે તો મનપા તે વાયરોને દૂર કરી દેશે. રાજકોટ ખાતે મોટી ઈવેન્ટ હોવાના પગલે રાજકોટની છબી ન ખરડાઈ અને યોગ્ય વ્યવસ્થા ઊભી થઈ શકે તે માટેના તમામ પગલાંઓ હાલ મહાનગરપાલિકા લઈ રહી છે. જે માટે મનપાએ ચાર દિવસની મુદત આપી હોવાનું પણ જણાયું છે.

મનપાના એન્ક્રોચમેન્ટ ઓફિસર અને રોશની એડી.સીટી એન્જી.એ જાહેર કર્યુ છે કે, મહાનગરપાલિકાની પ્રિમાઈસીસ ઉપર લગાવેલા કેબલ નેટવર્કના વાયરો, બ્રોડબેન્ડ નેટવર્કના વાયરો, ટેલીવિઝનના વાયરો સહીત અન્ય કોઈપણ પ્રકારના વાયરો ચાર દિવસમાં દુર કરવા જે-તે એજન્સીને સુચના આપવામાં આવી છે. જો જે-તે એજન્સી દ્વારા સમયમર્યાદામાં જાતે આવે તો કોર્પો. દ્વારા આ પ્રકારના તમામ વાયરો દુર કરવાની કાર્યવાહી કરાશે.

મહાનગરપાલિકાની પ્રિમાઈસીસ જેવી કે, શહેરમાં આવતા તમામ ઓવરબ્રિજ, અન્ડરબ્રિજ, પોલ, હોર્ડીગ્સ વિગેરે જેવી પ્રિમાઈસીસમાં જે-તે કેબલ નેટવર્ક એજન્સી, ટેલિવીઝન નેટવર્ક, બ્રોડબેન્ડ નેટવર્ક એજન્સીને મુદત અપાઇ છે. ચાર દિવસ બાદ કોર્પો. આવા વાયર હટાવવાનું શરૂ કરશે તેમ વિભાગોએ જણાવ્યું છે. પરંતુ ખરા અર્થમાં માત્ર એક ઈવેન્ટ પૂરતું જ નહીં પરંતુ આજીવન આ તમામ વાયરો અંડર ગ્રાઉન્ડ થાય તે માટેના પગલાં લેવા જોઈએ અને તે પ્રકારનું આયોજન પણ હાથ ધરવામાં આવવું જોઈએ જેથી ભવિષ્યમાં અન્ય કોઈ પ્રશ્નો ઊભા થઈ શકે નહીં. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં આ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવે તેવી લોક માંગણી ઉઠી રહી છે.



ઈવેન્ટને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે જરૂરી એ છે કે હાલ જે પણ કામગીરી અટકીને પડી છે તેનું તાકીદે નિરાકરણ કરવામાં આવે અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરાય જેથી ભવિષ્યમાં આ પ્રકારના અન્ય કોઈ કામગીરી ન કરવી પડે હાલ રાજકોટમાં ઘણી ખરી મિલકતોમાં વાયરો જોવા મળી રહ્યા છે. જેને હટાવવા ખૂબ જરૂરી છે કારણ કે હાલ આ વાયરો અત્યંત અડચણરૂપ પુરવાર થઈ રહ્યા છે. ત્યારે આગામી કાર્યક્રમોને ધ્યાને લઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે હાલ તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવામાં આવ્યા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ચસ્કો મનનો, તૂટે છે દિલ

## પીવાના શોખીનોને સાવધાન કરતું રિસર્ચ



ઘણી વખત નાનકડું ગામ સમગ્ર રાજ્યને પ્રેરણા આપતું હોય છે. બનાસકાંઠાના ધુવા ગામમાં દારૂ પીતા-વેચતા પકડાયા તો રૂા. ૫૧૦૦૦નો દંડ ફટકારવા નિયમ બનાવ્યો છે. દારૂડિયાનો ટકો કરવાનો નિયમ હતો. હવે તોતિંગ દંડ થશે. આ નિયમોથી એક મહિનામાં દારૂની બદી બંધ થઇ ગઇ છે.

ગુજરાતમાં દારૂ પ્રતિબંધ હોવા છતાં શાસન અને તંત્રની કૃપાથી ખુલ્લેઆમ વેચાય-પીવાય છે. આ કારણે અસંખ્ય પરિવારો બરબાદ થઇ રહ્યા છે. ધુવા ગામના વડીલોએ પોતાના ગામને સુરક્ષિત કરી લીધું છે. ગુજરાતમાં દારૂ જેવા નશા પતિબંધિત હોવા છતાં યુવા પેઢી દારૂના રવાડે ચઢી છે. મહિલાઓ પણ દારૂ-ડ્રગ્સ જેવા નશામાં ચકચૂર બની રહી છે. દારૂને બહાદૂરી-સ્ટેટસ માનવામાં આવે છે.

નશાખોર ટોળાઓને સાવધાન કરતું એક રિસર્ચ જાહેર થયું છે. ઇન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી ટીમ એઇમ્સે ઊંડાણપૂર્વક અભ્યાસ-સંશોધન કરીને તારણ આપ્યું છે કે, દારૂ-સિગારેટ-ડ્રગ્સ જેવા વ્યસનોના કારણે યુવાવર્ગ હૃદય રોગનો શિકાર બની રહ્યો છે.

હૃદય રોગના હુમલામાં અચાનક જીવ ગુમાવનારા યુવાનો શરીર અને જીવનના અભ્યાસ કરવામાં આવ્યા હતા. અચાનક જીવલેણ હૃદય રોગના હુમલામાં ગુજરી જનારામાં ૫૭ ટકા યુવાનો અને યુવતીઓ સિગારેટ વ્યસની હતા. બાવન ટકા યુવાનો દારૂના વ્યસની હતા.

સમગ્ર રિસર્ચનું તારણ એ નીકળે છે કે, દારૂ-ડ્રગ્સ-સિગારેટ-તમાકુ વગેરેના નશામાં રહેવાના આદી બની ગયેલા યુવાનોને કોઇ લક્ષણ વગર અચાનક હૃદય રોગના જીવલેણ હુમલા આવી રહ્યા છે.

તાજેતરમાં દેશભરમાં યુવા પેઢીમાં હાર્ટ એટેકની ઘટનાઓ વધી ગઇ છે. ગુજરાત આવી ઘટનાઓમાં અગ્રેસર છે. ઘણાં આશંકા વ્યક્ત કરતા હતા કે, કોવિડ રસીના કારણે હૃદય રોગના હુમલા આવી રહ્યા છે. આ અંગે ઊંડાણપૂર્વક વિધિવત રિસર્ચ શરૂ થયું હતું. સંશોધનના તારણમાં કોવિડ રસીને બદલે આલ્કોહોલ-નિકોટીન જ વિલન સાબિત થયા છે.

ગુજરાતમાં દારૂ પીને બહાદૂર હોવાની ફિશિયારી મારતા યુવા વર્ગ માટે સાવધાન કરે તેવું આ સંશોધન છે. વ્યસનોનો ચાસ્કો મન સાથે જોડાયેલો છે. ખુદ તો ઠીક, તેના પરિવાર પણ બરબાદ થાય છે. મનનો ચસ્કો દિલની પથારી ફેરવે છે. ક્ષણવારના આનંદમાં મહામૂલી જિંદગી બરબાદ થઇ જાય છે.

મનને મનાવવું અઘરું ભલે લાગે પણ અશક્ય નથી. દ્રઢ મનોબળ હોય તો નશાથી દૂર રહી શકાય છે. મન કી નહિ, દિલ કી સુનો...



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સંસદમાં જી રામ જી બિલ પસાર

## પ્રિયંકા ગાંધીએ બિલનો કર્યો વિરોધ : મનરેગા જેવા રોજગાર અધિકારોને નબળા પાડશે

નવીદિલ્હી, તા. ૧૬

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મંગળવારે સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં ''વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા માટેની ગેરંટી મિશન (ગ્રામીણ) (VB-જી રામ જી) બિલ, ૨૦૨૫'' રજૂ કર્યું. આના કારણે નવા ગ્રામીણ રોજગાર બિલ પર નોંધપાત્ર હોબાળો થયો. પ્રિયંકા ગાંધીએ બિલનો વિરોધ કરતા કહ્યું કે તે મનરેગા જેવા કાયદેસર રોજગાર અધિકારોને નબળા પાડશે અને બિનજરૂરી કેન્દ્રીય નિયંત્રણમાં વધારો કરશે. વિપક્ષી સભ્યોએ બિલનો વિરોધ કરતા કહ્યું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ દૂર કરવું તેમનું અપમાન છે. તેમણે બિલ પાછું ખેંચવાની અથવા સંસદીય સમિતિને મોકલવાની પણ માંગ કરી. ચૌહાણે વિપક્ષના આરોપોને ફગાવી દેતા કહ્યું કે, ''મહાત્મા ગાંધી આપણા હૃદયમાં રહે છે.''

શિવરાજ સિંહ ચૌહાણે બિલ પસાર કરતી વખતે કહ્યું, ''મહાત્મા ગાંધી આપણા હૃદયમાં રહે છે. ગાંધીજી અને દીનદયાળજીનો સંકલ્પ તળિયે રહેલા લોકોના કલ્યાણને પ્રાથમિકતા આપવાનો હતો. અમે ૩૪અ કરતાં મનરેગા પર ચાર ગણો વધુ ખર્ચ કરીને યોજનાને મજબૂત બનાવી છે.'' શિવરાજ સિંહ ચૌહાણે કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરતા કહ્યું, ''સમસ્યા શું છે? ૧૦૦ દિવસને બદલે, અમે ૧૨૫ દિવસની ગેરંટી આપીશું. ૧.૫૧ લાખ કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. આ બિલ દ્વારા, અમે ગરીબોનું સન્માન કરી રહ્યા છીએ અને મહાત્મા ગાંધીના સ્વપનને પૂર્ણ કરી રહ્યા છીએ. પહેલાં, જવાહર રોજગાર યોજના હતી, પરંતુ કોંગ્રેસે પોતે જ તેનું નામ બદલી નાખ્યું, તો શું તે નેહરુનું અપમાન હતું? નવું બિલ ગામડાઓનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરશે. કૃષિ મંત્રી તરીકે શરદ પવારે કહ્યું હતું કે કૃષિ કાર્ય માટે મજૂરો ઉપલબ્ધ નથી, અને અમે તે સમસ્યાનું નિરાકરણ કર્યું. આ રામરાજ્યની સ્થાપના માટે ગાંધીજીના વિઝન સાથે સુસંગત છે.



કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ બિલ રજૂ કરવાનો વિરોધ કરતા કહ્યું કે તે રોજગારના કાનૂની અધિકારને નબળો પાડે છે. તેમણે કહ્યું, ''આ બિલ કેન્દ્રીય અનુદાન ૯૦ થી ૬૦ ટકા ઘટાડશે અને રાજ્યો પર વધારાનો બોજ નાખશે. બિલ પાછું ખેંચવું જોઈએ અથવા ઓછામાં ઓછું સ્થાયી સમિતિને મોકલવું જોઈએ. પ્રિયંકા ગાંધીએ કટાક્ષમાં કહ્યું કે કોઈની વ્યક્તિગત મહત્વાકાંક્ષા, ઇચ્છા કે પૂર્વગ્રહના આધારે કોઈ બિલ રજૂ ન કરવું જોઈએ. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે મહાત્મા ગાંધીનું અપમાન ન કરવું જોઈએ. બહારથી એવું લાગે છે કે ફક્ત મનરેગાનું નામ બદલવામાં આવી રહ્યું છે, પરંતુ એવી આશંકા છે કે યોજનાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની યોજના છે. કોંગ્રેસના સભ્યો કેસી વેણુગોપાલ અને શશી થરૂર, તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોય, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી) ના નેતા સુપ્રિયા સુલે અને અન્ય ઘણા સભ્યોએ પણ બિલ રજૂ કરવાનો વિરોધ કર્યો અને તેને સંસદીય સમિતિમાં મોકલવાની માંગ કરી. થરૂરે કટાક્ષમાં ટિપ્પણી કરી, ''હે ભક્તો, રામના નામને બદનામ ન કરો.

### ચાઇનીઝ હેન્ડ ગ્રેનેડ, ૧૦૦ ગ્રામથી વધુ ગનપાઉડર, દસ AK-૪૭ રાઉન્ડ અને આશરે વીસ પોસ્ટર જપ્ત

# શ્રીનગરના કબ્રસ્તાનમાંથી મળ્યા હથિયારો-બારુદ



નવીદિલ્હી, તા. ૧૬

શ્રીનગરના તાર નાટીપોરા વિસ્તારમાં આવેલા એક કબ્રસ્તાનમાંથી મોડી રાતના ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ હથિયારો, દારૂગોળો અને અન્ય ગુનાહિત સામગ્રી જપ્ત કરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે બેમિના પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની કલમ ૧૩ હેઠળ નોંધાયેલી FIR નંબર ૧૧૯/૨૦૨૫ ની તપાસના સંદર્ભમાં સુરક્ષા દળોની સંયુક્ત ટીમે સોમવાર અને મંગળવારની મધ્યરાત્રિ દરમિયાન આ જપ્તી કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન દરમિયાન ટીમે કબ્રસ્તાનમાંથી એક ચાઇનીઝ હેન્ડ ગ્રેનેડ, ૧૦૦ ગ્રામથી વધુ ગનપાઉડર, દસ AK-47 રાઉન્ડ અને આશરે વીસ પોસ્ટર જપ્ત કર્યા હતા. આ પછી, વિસ્તારમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું છે, અને સુરક્ષા એજન્સીઓ હાઇ એલર્ટ પર છે. સંબંધિત અધિકારીઓની હાજરીમાં આ જપ્તી કરવામાં આવી હતી, અને વધુ તપાસ માટે જપ્ત કરાયેલી બધી વસ્તુઓ કબજે કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે વધુ તપાસ ચાલુ છે.

સેના સતત આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરી રહી છે, જ્યાંથી શસ્ત્રો, દારૂગોળો અને વિસ્ફોટકો મળી રહ્યા છે. પહેલગામ હુમલા બાદ, સેનાની કાર્યવાહીમાં ઝડપથી વધારો થયો છે, અને ડોડા, કુપવાડા અને અન્ય વિસ્તારોમાં આવા સેંકડો ઓપરેશન હાથ ધરવામાં આવ્યા છે, જેમાં આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો છે. ગયા મહિને, સેનાએ કુપવાડાના નૌગામ સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક નીરિયન જંગલ વિસ્તારમાં એક આતંકવાદી ઠેકાણાનો નાશ કરીને આતંકવાદી કાવતરું નિષ્ફળ બનાવ્યું હતું. સુરક્ષા દળોએ શ્રીનગરના નાટીપોરામાં એક કબ્રસ્તાનમાં દરોડા પાડ્યા હતા અને ચાઇનીઝ ગ્રેનેડ, ગનપાઉડર અને AK-47 રાઉન્ડ સહિત મોટી માત્રામાં શસ્ત્રો જપ્ત કર્યા હતા. આ જપ્તી UAPA કાયદા હેઠળ નોંધાયેલી FIRની તપાસનો એક ભાગ છે.

# મેસ્સીના કોન્સર્ટમાં બનેલી ઘટનાએ બંગાળના ખેલમંત્રીનો લીધો ભોગ

## કોલકાતાની ઘટનાથી ખેલમંત્રી અરૂપ બિશ્વાસે આપ્યું રાજીનામુ

નવીદિલ્હી, તા. ૧૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના શાસનકાળમાં રમતગમત મંત્રી અરૂપ બિશ્વાસે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આ રાજીનામા પાછળનું કારણ લિયોનેલ મેસ્સીના કોન્સર્ટ દરમિયાન બનેલી ઘટના ગણાવાઈ રહી છે. તેમણે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને પત્ર લખીને જણાવ્યું હતું કે મેસ્સીના કોન્સર્ટ દરમિયાન થયેલી અવ્યવસ્થાની તપાસ ચાલી રહી છે અને આ જ કારણ છે કે તેઓ રાજીનામું આપવા માંગે છે. રાજીનામાના સમાચાર આવ્યાના થોડા સમય પછી, તૃણમૂલ કોંગ્રેસના રાજ્ય મહાસચિવ કુણાલ ઘોષે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે અરૂપ બિશ્વાસનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું છે. જોકે, આ વાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.



મંત્રીનું રાજીનામું કોલકાતામાં તાજેતરમાં યોજાયેલી મેસ્સી ઈવેન્ટને આભારી છે, જેમાં ચાહકોમાં અરાજકતા અને ગુસ્સો ફેલાયો હતો. ગુસ્સે ભરાયેલા ચાહકોએ સ્ટેન્ડ પરથી બોટલો અને ખુરશીઓ ફેંકવાનું શરૂ કર્યું, જેનાથી તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું. પોલીસે આ ઘટનાના સંદર્ભમાં મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાની ધરપકડ કરી લીધી છે, જે હાલમાં ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં છે. સતાદ્રુ પર કાર્યક્રમમાં ગેરવહીવટનો આરોપ છે. પશ્ચિમ બંગાળ સરકારે કાર્યક્રમમાં થયેલી અંધાધૂંધી અને તોડફોડ બદલ ડીજીપી રાજીવ કુમાર, વિધાનસભા સીપી મુકેશ કુમાર અને યુવા બાબતો અને રમતગમત વિભાગના મુખ્ય સચિવ રાજેશ કુમાર સિંહાને કારણદર્શક નોટિસ ફટકારી છે. ડીસીપી અનિશ સરકાર (આઈપીએસ) સામે પણ તેમની ફરજોમાં બેદરકારી દાખવવા બદલ વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ચાહકોએ કોલકાતા કાર્યક્રમ અંગે અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. ચાહકોએ દાવો કર્યો છે કે તેમણે ટિકિટ માટે ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા.

આમ છતાં, તેઓ મેસ્સીનો ચહેરો પણ જોઈ શક્યા નહીં. તેમણે આરોપ લગાવ્યો કે આયોજકોના પોતાના લોકો મેસ્સીની આસપાસ હાજર હતા, જેના કારણે તેઓ તેમને જોઈ શકતા ન હતા. લિયોનેલ મેસ્સીના કોલકાતા કોન્સર્ટમાં થયેલી અંધાધૂંધી બાદ પશ્ચિમ બંગાળના રમતગમત મંત્રી અરૂપ બિશ્વાસે રાજીનામું આપી દીધું છે. ચાહકો દ્વારા કરવામાં આવેલા ગુસ્સા અને તોડફોડને કારણે આયોજકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ઘણા વરિષ્ઠ અધિકારીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

# લુથરા બ્રધર્સ ધકેલાયા કસ્ટડીમાં

## બન્ને ભાઇઓની તબીબી પરીક્ષણો કરાવ્યા બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે

નવીદિલ્હી, તા. ૧૬

ગોવા નાઈટક્લબ આગના આરોપી લુથરા ભાઈઓને ગોવા પોલીસે કસ્ટડીમાં લીધા છે. સૂત્રો સૂચવે છે કે તેઓ ટૂંક સમયમાં એરપોર્ટ છોડી દેશે. તબીબી પરીક્ષણો કરાવ્યા બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ગોવા નાઈટક્લબમાં આગ લાગવાના સંદર્ભમાં તેમને થાઈલેન્ડથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા અને ભારત લાવવામાં આવ્યા હતા, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા. તેમને આજે દિલ્હી લાવવામાં આવ્યા હતા. ૬ ડિસેમ્બરે, ઉત્તર ગોવાના આર્પોરામાં લુથરા બ્રધર્સના બિર્ચ બાય રોમિયો લેન નાઈટક્લબમાં આગ લાગી હતી, જેમાં પાંચ પ્રવાસીઓ સહિત ૨૫ લોકો માર્યા ગયા હતા. ગોવા પોલીસે જણાવ્યું હતું કે આગ લાગ્યાના ૯૦ મિનિટની અંદર ભાઈઓએ થાઈલેન્ડની ટિકિટ બુક કરાવી હતી. એક નિવેદનમાં, ગોવા પોલીસે જણાવ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે ભાઈઓએ ૭ ડિસેમ્બરના રોજ સવારે ૧:૧૭ વાગ્યે તેમની ટિકિટ બુક કરાવી હતી.

ભારતે તેમના પાસપોર્ટ સસ્પેન્ડ કર્યા અને થાઈ અધિકારીઓને તેમને દેશનિકાલ કરવાની વિનંતી કર્યા પછી ભારતીય પોલીસે ગુરુવારે ફુકેટના એક રિસોર્ટમાંથી ભાઈઓની અટકાયત કરી હતી. ભારતીય કાયદા અમલીકરણ ટીમ પણ ભાઈઓના પરત આવવા માટેની ઔપચારિકતાઓ પૂર્ણ કરી રહી હતી. આ બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ શક્ય બન્યું હતું, જે ૨૦૧૫ થી અમલમાં છે. થાઈ અધિકારીઓએ આગ્રહ કર્યો હતો કે બંને દેશો વચ્ચેના સહયોગના ભાગ રૂપે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવે, જેના પરિણામે ભાઈઓની તાત્કાલિક કાનૂની મુક્તિ થઈ.



FIRમાં જણાવાયું છે કે ૬ ડિસેમ્બરના રોજ, આરોપી, ગૌરવ અને સૌરભ લુથરા, યોગ્ય સાવચેતી રાખ્યા વિના અને અગ્નિ સલામતી સાધનો અને અન્ય સલામતી પગલાં લીધા વિના, આર્પોરાના બિર્ચ બાય રોમિયો લેન રેસ્ટોરન્ટમાં ફાયર શોનું આયોજન કર્યું હતું. ફાયર શોમાં ભારે આગ લાગી હતી, જેમાં પ્રવાસીઓ અને સ્ટાફ સહિત ૨૫ નિર્દોષ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. લુથરા ભાઈઓએ જાણતા હોવા છતાં કે રેસ્ટોરન્ટમાં ગ્રાઉન્ડ અથવા ડેક ફ્લોર પર ઇમરજન્સી એક્ઝિટ નથી, ફાયર શોનું આયોજન કર્યું હતું.

લુથરા ભાઈઓના ભારત પરત ફર્યા બાદ, ગોવા પોલીસ હવે તેમની ગંભીર આરોપો હેઠળ પૂછપરછ કરશે, જેમાં હત્યા ન ગણાતા ગુનાહિત હત્યાનો સમાવેશ થાય છે. પોલીસ કહે છે કે આગનું કારણ, સુરક્ષા વ્યવસ્થા, ક્લબ ચલાવવા માટેની પરવાનગીઓ અને જવાબદારીઓ અંગે ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નો અનુત્તરિત છે. તપાસ એજન્સીઓ એ પણ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે શું આ ઘટના સલામતી ધોરણોમાં બેદરકારીને કારણે થઈ હતી. ગયા અઠવાડિયે દિલ્હીમાં નાઈટક્લબના ત્રીજા ભાગીદાર અજય ગુપ્તાની પણ અટકાયત કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતનું કારણ બનેલી બેદરકારીનું સ્તર નક્કી કરવા માટે ત્રણેયની ભૂમિકાની અલગથી તપાસ કરવામાં આવી રહી છે. સૌરભ અને ગૌરવ લુથરાએ તેમના પરના આરોપોને નકારી કાઢ્યા છે. તેઓ કહે છે કે તેઓએ ક્યારેય કાયદાથી બચવાનો પ્રયાસ કર્યો ન હતો અને વિદેશ પ્રવાસનો તેમનો નિર્ણય પૂર્વ-આયોજિત પ્રવાસનો ભાગ હતો. બંને ભાઈઓનો આરોપ છે કે આ દુઃખદ અકસ્માત પછી, તેમને અન્યાયી રીતે દોષી ઠેરવવામાં આવી રહ્યા છે અને એક મોટી દુર્ઘટનાના ગુનેગારો તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે.

ગોંડલ રોડ શક્તિનગર સોસાયટીમાં વૃધ્ધા સાથે કરવામાં આવી મોટી ધમાલ

# 'મારી જ નાખવા છે'...જમીન માટે ફઈના ઘરે ભત્રીજાઓનો ખેલ

## વારસાઈ જમીનમાં ભાગ મંગાતા ન દીધો આથી વૃધ્ધાએ વાંધા અરજી કરતાં ત્રણ ભત્રીજાએ આવી ડખ્ખો કર્યો, ધમકીઓ દીધી, વાહનમાં તોડફોડ કરીઃ તાલુકા પોલીસે એફઆઈઆર દાખલ કરી : બીજા બનાવમાં પાડોશીના ત્રાસથી મહિલા પી ગયા ફિનાઈલ

રાજકોટ, તા. ૧૬

જર જમીન અને જોરૂ કજીયાના છોરૂ આ કહેવત અનેક વખત સાચી ઠરતી હોય છે. વધુ એક આવો કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો છે જેમાં એક વૃધ્ધાને તેના જ ભત્રીજાઓએ જમીનના ભાગ મામલે ટાંટીયા તોડી નાખવાની ધમકી આપી દીધી છે, તેમજ ફઈના ઘરે આવીને આ ત્રણ ભત્રીજાઓએ ધમાલ મચાવી વાહનમાં પણ તોડફોડ કરી નાંખી હતી. સમગ્ર વિવાદ હવે પોલીસ સુધી પહોંચતા એફઆઈઆર દાખલ કરી તપાસ આરંભી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘટના ગોંડલ રોડ વાવડી નજીક પરીન ફર્નિચર પાછળ આવેલી શક્તિનગર સોસાયટીની છે. જમીનના વિવાદમાં વૃધ્ધાને તેમના ભત્રીજા સહિતનાએ ગાળો દઇ ધમકી આપતાં ફરિયાદ થઇ છે. ગોંડલ રોડ પરીન ફર્નિચર પાછળ શક્તિનગર સોસાયટીમાં રહેતાં ધ્રુપતબા મહાવીસિંહ ઝાલા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધાની ફરિયાદ પરથી તેમના ભત્રીજાઓ દેવેન્દ્રસિંહ અશોકસિંહ જાડેજા, અનિરૂધ્ધસિંહ રસિકસિંહ જાડેજા તથા શક્તિસિંહ ઘનશ્યામસિંહ જાડેજા વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ફરિયાદી અને આરોપી ફઇ-ભત્રીજા થાય છે. વારસાઇ જમીનમાં ફઇ ધ્રુપતબાનું પણ નામ હોઈ તેમણે ભાગ માંગતા ભત્રીજાઓએ ના પાડી દીધી હતી. આથી ફઇએ મામલતદારમાં વાંધા અરજી કરતાં ખાર રાખી ઘરે આવી ગાળો દઇ જો જમીનમાં પગ મુકશો તો ટાંટીયા ભાંગી નાંખશું તેવી ધમકી આપી ટુવ્હીલરમાં તોડફોડ કરી નુકસાન કર્યુ હતું.




એફઆઈઆરની માહિતી અનુસાર ધ્રુપતબાનું પીયર ધોરાજીના વાડોદર ગામે આવેલું છે, જ્યાં તેમના પિતાની કુલ ૩૧ વીઘા જમીન આવેલી છે. આ જમીનમાં તેઓ સહિત નવ ભાઈ-બહેનોના નામ વારસાઈ હક તરીકે ચાલતા હતા. ધ્રુપતબાએ જણાવ્યું કે તેમના મૃતક ભાઈઓ રસિકસિંહ અને અશોકસિંહના ભાગમાં જે જમીન આવે છે, તેમાં તેમનો કાયદેસરનો ભાગ નીકળે છે. પરંતુ રસિકસિંહના દીકરા અનિરૂધ્ધસિંહ અને અશોકસિંહના દીકરા દેવેન્દ્રસિંહ આ ભાગ આપવાની ના પાડી રહ્યા છે. આથી, ધ્રુપતબાએ ધોરાજી મામલતદાર કચેરીમાં વાંધા અરજી પણ દાખલ કરી હતી. જમીનનો ભાગ ન આપવો પડે તેવા ઈરાદે તાજેતરમાં ૯/૧૨/૨૦૨૫ના રોજ રાત્રે આશરે દસેક વાગ્યે અનિરૂધ્ધસિંહ, દેવેન્દ્રસિંહ અને ઘનશ્યામસિંહના પુત્ર શક્તિસિંહ ફોર વ્હીલ ગાડી લઈને ધ્રુપતબાના રાજકોટ સ્થિત ઘરે ધસી આવ્યા હતા.

તેમના હાથમાં લોખંડનું એંગલ અને લાકડી જોઈને ધ્રુપતબા અને તેમનો પુત્ર રણજીતસિંહ પોતાનું ઘર બંધ કરી ઉપરના માળે જતા રહ્યા હતા. ત્યારે બહાર ઉભેલા આરોપીઓએ ગાળાગાળી કરી, ધ્રુપતબા અને રણજીતસિંહને બહાર નીકળવા કહ્યું હતું. તેમજ ધમકી આપી હતી કે- મારી જમીનમાં જો પગ મૂક્યો તો ટાંટિયા ભાગી નાખીશ. બહાર નીકળો, આજે જાનથી મારી નાખવા છે. તેમ કહી દેકારો મચાવ્યો હતો. આ ઉપરાંત દેવેન્દ્રસિંહે ઘરની સોસાયટીના ગેઇટની બહાર પડેલા ધ્રુપતબાના એક્સેસ મોટરસાયકલ જીજે૦૩પીસી-૭૭૦૮ને લોખંડના એંગલથી તોડી નાંખતા પાંચ હજારની નુકસાની થઇ હતી.

આ માથાકુટના બનાવ વખતે ભાઈ પૃથ્વીસિંહનો દીકરો દિગ્વિજયસિંહ પણ ત્યાં આવી ગયો હતો. રણજીતસિંહે તાત્કાલિક પોલીસને ફોન કરતાં પોલીસની ગાડી આવે તે પહેલા ત્રણેય આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. ધ્રુપતબાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સ. ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં હેડકોન્સ. કિશનભાઇ અજાગીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

અન્ય એક બનાવમાં શહેરના કોઠારીયા રોડ પર ગોવિંદનગર પાસે રાધાકૃષ્ણનગર-૧૮માં રહેતાં શહેનાઝબેન ફિરોઝભાઇ અજમેરી નામના આડત્રીસ વર્ષના મહિલા અગીયારેક વાગ્યે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને કરી હતી. શહેનાઝબેનના પતિ ફિરોઝભાઇ અજમેરી ગાદલા ભરવાનું કામ કરે છે. તેણીને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. સગાએ જણાવ્યું હતું કે અમે અહિ ઘરના મકાનમાં રહીએ છીએ. પાડોશી અન્ય જ્ઞાતિના હોઈ જેના કારણે અમારી સાથે અવાર-નવાર માથાકુટ કરીને બધા સંપીને અમને હેરાન કરે છે. અગાઉ પણ મારામારી થઇ હતી ત્યારે શહેનાઝભાઇના ભત્રીજા વિરૂધ્ધ ગુનો દાખલ થતાં હાલ તે જેલમાં છે. ગત રાતે ફરીથી પાડોશીઓએ જેમ તેમ બોલી ગાળો દઇ માથાકુટ કરતાં શહેનાઝબેને કંટાળીને ફિનાઇલ પી લીધુ હતું. આ પ્રકારના આક્ષેપો થયા હોઇ પોલીસે ખરેખર શું બન્યું? તેની તપાસ શરૂ કરી હતી.

---

પડધરીના નાના વડા ગામે દાતાર આશ્રમ-ગૌશાળામાં મધરાતે ઘટનાથી સનસનાટી

# બુકાનીધારીઓએ ગૌશાળામાં પોણા ત્રણ લાખની કરી લૂંટ

## સેવક હસુબાપુને પહેલા ધોકાથી ફટકાર્યા, પછી ખાટલે બેસાડી માથે ગોદડુ ઓઢાડી ત્રણ જણા ઉપર બેઠા, બીજા બેએ ગૌશાળાના રૂમોમાંથી હાથફેરો કર્યોઃ પડધરી પોલીસ, રૂરલ એલસીબીએ તપાસ શરૂ કરીઃ સીસીટીવીનું ડીવીઆર પણ લૂંટતા ગયા

રાજકોટ, તા. ૧૬

ઠંડીના ચમકારા વચ્ચે ચોર-લૂંટારા બેફામ બન્યા છે. રાજકોટ શહેર ઉપરાંત જીલ્લામાં પણ આવા ગુના શરૂ થઇ ગયા છે. દરમિયાન રાજકોટ જીલ્લાના પડધરી તાબેના નાના વડા ગામે મધરાતે પાંચ બુકાનીધારી લૂંટારા ત્રાટકી ગૌશાળાના સંચાલકને ધોકાવાળી કરી, ખાટલે બેસાડી માથે ગોદડુ ઓઢાડી ત્રણ જણાએ દબાવી રાખી બીજા બે જણાએ ગૌશાળાના રૂમોમાંથી લૂંટ કરી હતી. ગાયોના ઘાંસ માટેના બે લાત સાંઇઠ હજાર, બીજા દસ હજાર મળી કુલ બે લાખ નેવુ હજારની માલમત્તા લૂંટી જવામાં આવતાં સનસનાટી મચી ગઇ છે. પડધરી પોલીસ રૂરલ એલસીબીની ટીમોએ ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો લૂંટની એક પડધરીના નાના વડા ગામે આવેલા દાતાર આશ્રમ-ગૌશાળામાં મધરાતે પાંચ બુકાનીધારી ત્રાટક્યા હતાં અને ગૌશાળાના સેવક જેન્તીલાલ ઠુમ્મર ઉર્ફ હસુબાપુને ધોકાથી માર મારી તારી પાસે જે પણ પાંચ-દસ લાખ હોય તે આપી દે તેમ કહી તેના ખિસ્સામાંથી ૧૦ હજાર રોકડા અને મોબાઇલ લૂંટી લઇ બાદમાં ચાવી માંગી તેમને ખાટલામાં બેસાડી માથે ગોદડુ ઓઢાડી દીધા બાદ ત્રણ લૂંટારૂઓએ તેમની માથે બેસી જઇ બાકીના બે જણાએ રૂમના કબાટોમાં ખાખાખોળા કર્યા હતાં અને ગાયના ઘાંસ માટેના ૨,૭૦,૦૦૦ લૂંટી લીધા હતાં. તેમજ સીસીટીવીનું ડીવીઆર પણ લૂંટી ગયા હતા. લૂંટની આ ઘટનાથી સનસનાટી મચી ગઇ છે. પોલીસે ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી છે.આ બનાવમાં પડધરી પોલીસે પડધરી તાબેના નાના વડા ગામે આવેલી દાતાર ગૌશાળાના સંચાલક બાંસઠ વર્ષના જેન્તીભાઇ ઉર્ફ હસુભાઇ કુરજીભાઇ ઠુમ્મરની ફરિયાદ પરથી અજાણ્યા સામે લૂંટનો ગુનો નોંધી તપાસ આરંભી છે.

ઘટનાની વધુ માહિતી જણાવતાં જેન્તીભાઇ ઉર્ફ હસુબાપુએ જણાવ્યું હતું કે હું દાતાર ગૌશાળામાં એકલો રહુ છું અને ત્યાં સેવા કરુ છું. મારા પરિવારમાં પત્નિ વાલીબેન તથા બે દિકરા છે. મોટો હીરેનભાઇ, નાનો વિશાલભાઇ એમ ત્રણેય રાજકોટ રહે છે. ચારેક વર્ષ પહેલા મેં જુનાગઢ દશનામ જુના અખાડામાં દિક્ષા લીધી છે અને સાધુ તરીકે અમારા ગામની ગૌશાળામાં સેવાપૂજા કરુ છું અને ગૌશાળાનો હું પ્રમુખ તથા ટ્રસ્ટી પણ છું. આ ગૌશાળા અહિ ૨૦૧૩માં શરૂ કરવામાં આવી હતી. ગૌશાળામાં મારો દિકરો વિશાલભાઇ અને નાના ભાઇ ગીરધરભાઇ પણ ટ્રસ્ટી છે. હસુબાપુએ વધુમાં કહ્યું હતું કે સોમવારે રાતે આઠેક વાગ્યે હું ગૌશાળામાં હતો ત્યારે કોટડા સાંગાણીના રામોદ ગામના દેવેન્દ્રભાઇ છગનભાઇ સકવારા, તેના પત્નિ અને સસરા કાર લઇને દાતાર આશ્રમ-ગૌશાળા ખાતે મારી પાસે બેસવા આવ્યા હતાં. દેવેન્દ્રભાઇના પત્નિને મેં દિકરી બનાવ્યા છે.

**રાજકોટથી અલગ અલગ સેવકો આવ્યા હોઇ તે અઢી વાગ્યે રવાના થયાઃ પછી અડધા જ કલાક બાદ રસોડાની ગ્રીલ તોડી પાંચ લૂટારા ઘુસી ગયાઃ ગુજરાતી બોલતા હતાં**



**પહેલા તો બાંસઠ વર્ષના બાપુને ધોકાવાળી કરી પછી પાંચ દસ લાખ રોકડા આપી દેવા કહ્યું, બાપુએ આટલી રકમ નથી કહેતાં ખિસ્સામાંથી દસ હજાર અને મોબાઇલ કાઢી લીધાઃ મુળ રાજકોટના જેન્તીલાલ ઠુમ્મર ચારેક વર્ષ પહેલા સન્યાસી બન્યા છેઃ ગૌશાળામાં તે પ્રમુખ પણ છેઃ પડધરી પંથકમાં ચકચાર**

તેઓ અવાર-નવાર અહિ આવતા રહે છે. આમ તો હું જાતે રસોઇ બનાવીને જમુ છું. પણ આ લોકો આવ્યા હોઇ દેવેન્દ્રભાઇના પત્નિએ રસોઇ બનાવતાં બાદમાં અમે ચારેય જમ્યા હતાં. સાડા દસેક વાગ્યે મારી ગૌશાળાએ રાજકોટ રહેતાં મુળ નગરપીપળીયાના અલ્પેશભાઇ મારવીયા અને બીજા ત્રણ લોકો પણ કાર લઇને બેસવા આવ્યા હતાં. આ પછી રાતે દોઢેક વાગ્યે દેવેન્દ્રભાઇ અને તેના પત્નિ સહિતના ગૌશાળાને નીકળ્યા હતાં. બાદ અઢી વાગ્યે અલ્પેશભાઇ મારવીયા અને તેની સાથેના લોકો પણ નીકળી ગયા હતાં. આ પછી હું આશ્રમની ઓસરીમાં સુઇ ગયો હતો, પરંતુ મને ઉંઘ આવતી નહોતી. દરમિયાન મારુ ધ્યાન ઓસરીમાં લગાડેલા સીસીટીવી કેમેરા તરફ ગયું હતું, આ કેમેરો કોઇએ ફેરવી નાંખ્યો હોવાનું મને લાગ્યું હતું. ત્યાં જ પાંત્રીસથી ચાલીસ વર્ષના પાંચેક શખ્સો મોઢે રૂમાલ બાંધી પેન્ટ-શર્ટ પહેરીને ગૌશાળામાં ઘુસી આવ્યા હતાં. જેમાં એકે લાલ ટીશર્ટ પહેરેલુ હતું. તેને જોઇ હું ડરી ગયો હતો.

આ લોકોના હાથમાં ધોકા હતા. એક જણાએ મને ધોકો માથામાં મારી દીધો હતો. બીજાએ પગમાં ઘા મારી દીધો હતો જેના કારણે મને મુંઢ ઇજા થઇ હતી. બાદમાં આ શખ્સોએ તારી પાસે જે કાંઇ પાંચ દસ લાખ રૂપિયા હોય એ આપી દે તેમ ગુજરાતી ભાષામાં કહ્યું હતું. આથી મેં તેને આટલા રૂપિયા મારી પાસે નથી તેમ કહેતાં મારા ખિસ્સામાં રહેલા દસેક હજાર રૂપિયા આ લોકોએ લૂંટી લીધા હતાં. તેમજ મારો મોબાઇલ ફોન પણ લૂંટી લીધો હતો. આ પછી મારી પાસે રૂમની ચાવી માંગી હતી જેથી મેં ચાવી આપી દીધી હતી. એ પછી મને ખાટલામાં બેસાડી માથે ગોદડું ઓઢાડી દીધુ હતું. બાદમાં ત્રણેય જણા મારી માથે બેસી ગયા હતાં. બીજા બે જણા ગૌશાળાના રૂમોમાં ગયા હતાં અને પંદરથી વીસ મીનીટ સુધી આ શખ્સોએ ગૌશાળાના રૂમોમાં તપાસ કરી હતી. બાદમાં મને રસોડા તરફ પકડીને લઇ ગયા હતાં.

ત્યાંથી દિવાલ કુદીને આ બધા ભાગી ગયા હતાં. બાદમાં હું મારા આશ્રમના ગેઇટ તરફ ગયો હતો અને સામેની તરફ રહેતાં મુકેશભાઇ કારાભાઇ, તેના ભાઇ શૈલેષભાઇ કારાભાઇ સહિતને જાણ કરી હતી. આ પછી મુકેશભાઇએ અમારી ગૌશાળામાં કામ કરવા આવતાં લીલાધરભાઇ ઉર્ફ બાબુભાઇ પાંભરને ફોન કરી જાણ કરી હતી. એ પછી મેં ગૌશાળાના રૂમોમાં જઇ કબાટમાં તપાસ કરતાં ગાયોના ઘાંસ માટે રાખેલા રૂા. ૨,૭૦,૦૦૦ જોવા મળ્યા નહોતાં. તેમજ બમારા ડોક્યુમેન્ટ, આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, ગૌરક્ષાનું કાર્ડ પણ આ લોકો લૂંટી ગયા હતાં. બીજા રૂમોમાં રાખેલી પતરાની પેટીઓ વેરવિખેર કરી નાખ્યા હતાં. બીજા રૂમમાં જઇને જોતાં કેમેરાનું ટીવી પણ જોવા મળ્યું નહોતું.

આ ઉપરાંત કેમેરાનું ટીવી પણ આ લોકો લઇ ગયા હતાં. રસોડાની બારીની ગ્રીલ તૂટેલી જોવા મળી હતી. તેમજ મારા ખાટલા પાસે બીજા બે ખાટલા ઉપર લાકડાના ત્રણ ધોકા જોવા મળ્યા હતાં. આ દરમીયાન લીલાધરભાઇ આવી જતાં ૧૧૨ નંબરમાં પોલીસને જાણ કરી હતી. પાંચ લૂંટારા મોઢે રૂમાલ બાંધીને આવ્યા હતાં. સવારે ત્રણેક વાગ્યે આ ઘટના બની હતી. આ લૂંટારા મારી પાસે રહેલા ૧૦ હજાર રોકડા અને રૂમના કબાટમાંથી ૨,૭૦,૦૦૦ રોકડા, મોબાઇલ ફોન, સીસીટીવી ફૂટેજનું ટીવી મળી ૨,૯૦,૦૦૦ની માલમત્તા લૂંટી ગયા હતાં. પડધરી પીઆઇ એસ. એન. પરમારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. રૂરલ એલસીબીની ટીમો પણ ભેદ ઉકેલવામાં કામે લાગી છે. આ બનાવે પડધરી પંથકમાં ચકચાર જગાવી દીધી છે.

---

આમ તો આ રાજકોટ શાંત છે, પણ ગમે ત્યારે ગમે તે કારણે બોલી જાય બટાઝટી

# શની-રવિ બંધુ પર છરી-ચમચા-ઈંટથી હુમલો

## થોરાળા રામનગરમાં શક્તિ પાર્કનો યુવાન મોટા ભાઇના સસરાના ઘરે ગયો ત્યારે પાડોશી ગાળો બોલતાં હોઇ તેના કારણે જામી પડીઃ હુમલાખોરે બટકા પણ ભર્યાઃ યુવાન, તેના ભાઇ, માતા, ભાઇના સાળા-સસરાને ઇજાઓ

રાજકોટ, તા. ૧૬

રંગીલા મોજીલા શહેર એવા રાજકોટ શહેરની ગણના આમ તો શાંત શહેરમાં થાય છે. પરંતુ અહિ ઘણા એવા લોકો છે જેના કારણે નહિ જેવી વાતે અશાંતી સર્જાય જાય છે. રોજબરોજ કોઇને કોઇ વિસ્તારમં બટાઝટી બાકાઝીકી થઇ જાય છે. વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં એક યુવાન તેના પરિવારજનો સાથે મોટા ભાઇના સસરાના ઘરે લગ્ન પ્રસંગ આવી રહ્યો હોઇ જેથી બેસવા જતાં ભાઇના સસરાના પાડોશીઓ ગાળો બોલતાં હોઇ તેને આવુ નહિ બોલવા સમજાવવા મામલે લપ થતાં પાડોશી સહિતનાએ છરી, ચમચાથી હુમલો કરી દીધો હતો. ઇંટના ઘા કરી બટકા પણ ભરી લીધા હતાં. જેમાં આ પરિવારના પાંચને ઇજા પહોંચી હતી.



વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ સેટેલાઇટ ચોક શક્તિ પાર્ક-૧માં રહેતાં શાની ઉર્ફ લાલો અશોકભાઇ મકવાણા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાન પર નવા થોરાળામાં માટેલ ડેરી સામે તેના ભાઇ રવિભાઇના સસરાના પાડોશમાં રહેતાં શખ્સોએ હુમલો કરી છરી, સ્ટીલના ચમચાનાથી માર મારી તેમજ ઇંટોના ઘા કરી ઇજા પહોંચાડતાં અને વચ્ચે પડનારાઓને પણ માર મારતાં સારવાર માટે દાખલ કરાયો હતો. તેની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધ્યો છે. આ હુમલામાં માથામાં ઇજા થતાં તેને સત્તર ટાંકા લેવા પડ્યા હતાં. ભાઇના સસરાના પાડોશમાં ગાળો બોલી રહેલા લોકોને સમજાવવા મામલે આ માથાકુટ થઇ હતી. પોલીસે શની ઉર્ફ લાલોની ફરિયાદ પરથી થોરાળામાં રહેતાં અવેશ ઉર્ફ અવલો ઓડીયા, અનીશ ઓડીયા, શબ્બીર ઉર્ફ બોદુ ઓડીયા, વિપુલ ઉર્ફ રાજા પરમાર અને શનીના ભાઇના સસરામાં રહેતાં પાડોશી વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.



વિશેષ માહિતી અનુસાર શની પરિવાર સાથે રહે છે અને ફુલ ડેકોરેશનની છુટક મજૂરી કરે છે. તેણે જણાવ્યું હતું કે રવિવારે રાતે મારા મોટાભાઇ રવિભાઇ મકવાણાના સસરા મહેશભાઇ ઓધલા જે નવા થોરાળા રામનગર-પમાં માટેલ ડેરી સામે રહે છે તેને ત્યાં લગ્ન પ્રસંગ આવતો હોઇ જેથી હું, મારા પત્નિ નિકીતા, મોટા ભાઇ રવિભાઇ, ભાભી ગોપીબેન, માતા ગીતાબેન, બાળકો સહિતના મહેશભાઇના ઘરે બેસવા ગયા હતાં. ઘરના સભ્યો અહિ રોકાઇ ગયા બાદ હું અને મારો ભાઇ રવિભાઇ બહાર ગયા હતાં. રાતે અગીયારેક વાગ્યે પરત ઘરે આવ્યા ત્યારે અમારા ઘરના સભ્યો બહાર ઉભા હતાં અને મારા ભાઇ રવિભાઇનો સાળો અજયભાઇ મહેશભાઇ અઘોલા, તથા ભાઇના સસરા મહેશભાઇ અઘોલા સાથે બે શખ્સો ગાળાગાળી કરતાં હતાં.

આ પછી અમે તેને કારણ પુછતાં કહેલુ કે ઘર પાસે શેરીમાં અજાણ્યા શખ્સ તેના પત્નિ સાથે રકઝક કરતાં હોઇ અને ગાળો બોલતાં હોઇ ભાઇના સાળા અજયભાઇ તેઓને અપશબ્દો નહિ બોલવા સમજાવવા જતાં બોલચાલી થઇ હતી અને ઝપાઝપી કરી હતી. બાદમાં આ વ્યક્તિએ તેના મિત્ર શબ્બીર ઉર્ફ બોદુ ઓડીયાને બોલાવી ઝઘડો કર્યો હતો. અમે બંને ભાઇઓ ત્યાં હાજર હતાં તે વખતે થોડીવારમાં જ શબ્બીર, અવેશ ઉર્ફ અવલો, અનીશ, વિપુલ ઉર્ફ રાજા પરમાર સહિતના ફરીથી આવ્યા હતાં અને છરી, સ્ટીલાના ચમચાથી હુમલો કર્યો હતો. જેમાં મારા ભાઇ રવિભાઇ, તેના સાળા અજયભાઇ, સસરા મહેશભાઇ સાથે મારામારી કરી મુંઢ માર માર્યો હતો.

તેમજ અજાણ્યા શખ્સે મારાભાઇ રવિભાઇને જમણા બાવડે બટકુ ભરી લીધુ હતું. હું છોડાવવા જતાં અનીશે સ્ટીલના ચમચાથી મને માર મારતાં મેં હાથ આડો રાખતાં છરકો થઇ ગયો હતો. બાદમાં અવેશ ઉર્ફ અવલાએ છરીથી હુમલો કરી મને માથામાં ઘા મારી દેતાં લોહી નીકળવા માંડ્યા હતાં. મારા માતા ગીતાબેન વચ્ચે પડતાં તેને પણ બોદુએ હાથમાં ઇંટ ફકટારી દીધી હતી. આ પછી આ બધા ગાળો બોલી જતાં રહ્યા હતાં. બાદમાં મારા ભાઇના સસરાની બાજુમાં રહેતાં પાડોશી જેનું નામ નથી આવડતું તે આવ્યા હતાં અને તમારાથી કંઇ થાય નહિ, જે થાય તે કરી લેજો કહી તે પણ જતો રહ્યો હતો. આ પછી મને લોહી નીકળતું હોઇ મારા ભાઇની કારમાં મને હોસ્પિટલમાં લઇ ગયા હતાં.

જ્યાં પંદરથી સત્તર ટાંકા માથામાં આવ્યા હતાં. બાદમાં રજા આપાતાં અમે બીજા દિવસે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં શની ઉર્ફ લાલાએ કહ્યું હતું. દરમિયાન ગત રાતે ફરીથી દુઃખાવો થતાં શની મકવાણા સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. થોરાળાના હેડકોનસ. એન. કે. જાગાણીએ એફઆઇઆર દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તજવીજ કરી હતી. આમ ગાળો બોલવા જેવી વાતે મોટી માથાકુટ થઇ ગઇ હતી અને એક યુવાન લોહીલુહાણ થયો હતો, જ્યારે તેના ભાઇ, માતા, સહિતના ચારને મુંઢ ઇજાઓ પહોંચી હતી.

### કોસ્મેટીકનું કામ કરતાં યુવાને લોન માટે મેટ્રીમોનીયલ સાઇટ ફંફોળતાં સંપર્ક થયો ને ફસાયો

# ગોલ્ડમાં રોકાણના નામે યુવતિએ કરી લાખોની ઠગાઈ

### યુવાનને ફોટા મોકલ્યા બાદ વાતચીત શરૂ કરી, પોતે તેને પસંદ કરે છે એવું નાટક શરૂ કર્યુ: ગોલ્ડમાં રોકાણ સામે શરૂઆતમાં છ હજારનો નફો આપ્યો, પછી સત્તર લાખ ઉસેડી લીધા

રાજકોટ, તા. ૧૬

ઓનલાઇન ફ્રોડની દુનિયામાં રોજેરોજ ગઠીયાઓને પોતાના શિકાર મળી જ રહે છે. વધુ નવા કિસ્સા અને નવા શિકારની વિગતો સામે આવી ગઈ છે. એક યુવાનને લગ્ન કરવાના બાકી હોઇ તે મેટ્રીમોનીયલ સાઇટ પર યુવતિ શોધતો હતો ત્યારે એક યુવતિએ તેનો સંપર્ક કરી પોતાનું નામ સોના જણાવ્યું હતું. આ પછી વાતોનો દોર શરૂ થયો હતો અને યુવતિ છેલ્લે પોતાના મુખ્ય ધ્યેય ઉપર આવી ગઈ હતી. તેણે આ યુવાનને ગોલ્ડ ટ્રેડીંગમાં રોકાણ કરવાથી મોટો ફાયદો થશે તેવી વાતોમાં લઇ લીધો હતો અને યુવાન પાસેથી સત્તર લાખ ખંખેરી લીધા હતાં. યુવાને સાયબર ક્રાઇમ પોલીસમાં જાણ કરતાં તપાસ શરૂ થઇ છે. બીજા કિસ્સામાં ઓનલાઇન સસ્તામાં સિમેન્ટ ખરીદવા જતાં વૃધ્ધ સાડા ત્રણ લાખમાં છેતરાઇ ગયા હતાં.

વિગતો જોઇએ તો ઘટના ભાવનગરની છે. અહિ બોરતળાવ વિસ્તારના શિવનગર ખાતે રહેતા અને કોસ્મેટિકનો વ્યવસાય કરતા યુવાનને મેટ્રીમોનીયલ સાઇટ મારફત સોના નામની યુવતિનો ભેટો થઇ ગયો હતો. આ યુવીતએ ગોલ્ડ ટ્રેડિંગમાં રોકાણા કરવાથી નફો મળશે તેમ કહી ગોલ્ડ ટ્રેડિંગમાં સત્તર લાખનું રોકાણ કરાવડાવી ઓનલાઈન છેતરપિંડી આચરી હતી. બોરતળાવ રોડ પર આવેલ શિવનગર ખાતે રહેતા અને કોસ્મેટિક પ્રોડક્સનો વ્યવસાય કરતા નિલેશભાઈ હંસરાજભાઇ પોશીયાનેં સોના મુખર્જી નામની યુવતી સાથે સોશિયલ મિડીયાથી સંપર્ક થયા બાદ યુવતીએ યુવાન નિલેશભાઈ સાથે વાત ચિત કરી વિશ્વાસ કેળવી લીધો હતો.

ત્યારબાદ ગોલ્ડ ટ્રેડિંગ કરી નફો આપવાનું બહાનું ધરી યુવતીએ નિલેશભાઈ પાસે ગોલ્ડ ટ્રેડિંગ કરવા માટે વેબ સાઇટમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું.જે વેબસાઇટના કસ્ટમર કેરમાં આપવામાં આવતા બેંક એકાઉન્ટમાં જુદી જુદી તારીખે ઇન્વેસ્ટ કરાવડાવી શરૂઆતમાં છ હજારનો નફો આપી યુવતીએ નિલેશભાઈનો વધુ વિશ્વાસ કેળવી લીધો હતો. દરમિયાનમાં નિલેશભાઈ પાસે ગોલ્ડ ટ્રેડિંગના નામે લિંકના માધ્યમથી જુદા જુદા બેન્ક એકાઉન્ટમાં સત્તર લાખ રૂપિયા ઇન્વેસ્ટ કરાવડાવી સાયબર ફ્રોડ કરી રકમ અલગ અલગ બેંક એકાઉન્ટમાં મેળવી લઈ નિલેશભાઈ સાથે ઓનલાઈન છેતરપિંડી આચરી હતી.




**વૃધ્ધ વેપારી સસ્તામાં ઓનલાઇન સિમેન્ટ ખરીદવા જતાં લાગ્યો સાડા ત્રણ લાખનો ચૂનો**

આ બનાવ સંદર્ભે નિલેશભાઈએ અજાણ્યા વિરૂધ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નિલેશભાઈના લગ્ન બાકી હોવાથી તે યુવતીની શોધમાં હતાં અને બંબલ નામની ડેટિંગ એપ મોબાઈલમાં ઈન્સ્ટોલ કરી કરી હતી અને સોના મુખર્જી નામની યુવતી સાથે સંપર્ક થયો હતો.અને બન્ને વાતચીત કરવા લાગ્યા હતા. યુવતીએ પોતાના ફોટા પણ નિલેશભાઈને મોકલ્યા હતા. આ ફોટા જોયા બાદ યુવતિ સોના તેને પસંદ પડી હતી. આ પછી સોનાએ શરૂઆતમાં પોતે પણ તેને પસંદ કરે છે તેવો દેખાવ કરવા મેસેજથી વાતચીત આદરી હતી. એ પછી પોતે ગોલ્ડ ટ્રેડીંગમાં સારુ કામ જાણે છે અને નફો મેળવે છે કહી નિલેશભાઇને જાળમાં ફસાવી ખંખેરી લીધા હતાં.

અન્ય એક ફ્રોડની ઘટનામાં સાણંદ જીઆઈડીસીમાં એક કંપનીના માલિકને નવા બાંધકામ માટે સસ્તા ભાવે સિમેન્ટ મેળવવી મોંઘી પડી છે. ગૂગલ પરથી નંબર મેળવીને સંપર્ક કરનાર ત્રણ શખ્સોએ રૂપિયા૩.૪૮ લાખ આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવી લીધા હતા, પરંતુ સિમેન્ટની ડિલિવરી આપી નહોતી અને પૈસા પણ પરત ન આપતા સમગ્ર મામલો સાણંદ જીઆઈડીસી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. જુહાપુરાના રહેવાસી ત્રેસઠ વર્ષીય શૌકીનભાઈ ગફુરખાન સાંખલા સાણંદ જીઆઈડીસીમાં સાંખલા એન્ટરપ્રાઇઝ નામની ફેક્ટરી ચલાવે છે. એક વર્ષ પહેલાં કંપનીના નવા બાંધકામ માટે તેમને બિલ્ડર ક્વોટામાં સસ્તા ભાવે અંબુજા સિમેન્ટ જોઈતી હતી.

તેમણે ગૂગલ પર સર્ચ કરીને એક નંબર મેળવ્યો અને સંપર્ક કરતાં અમિતકુમાર ગુપ્તા સાથે વાત થઈ. ગુપ્તાએ કંપનીના સેલ્સ મેનેજર વિવેક અગ્રવાલનો ફોન આવશે તેમ જણાવ્યું. વિવેક અગ્રવાલે ૮૯૨ બેગનો ઓર્ડર આપવા અને ડીલર ભાવ કરતાં ૧૦ ઓછા ભાવે સિમેન્ટ આપવાની લાલચ આપી હતી. પહેલા ૩.૩૬ લાખ અને પછી ૧૨૦૦ બેગ માટે રૂપિયા ૩.૪૮ લાખ શૌકીનભાઈએ વિવેકના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા.

પરંતુ પેમેન્ટ મળ્યા બાદ વિવેક અગ્રવાલે કુલદીપ અગ્રવાલ સાથે વાત કરાવી. કુલદીપે અંબુજા કંપનીના નિયમો ટાંકીને જણાવ્યું કે ૨૦૦૦ બોરીથી ઓછો ઓર્ડર આપી શકાતો નથી, તેથી બીજી ૮૦૦ બોરીનું પેમેન્ટ કરવું પડશે. આ સાંભળી શૌકીનભાઈને શંકા ગઈ અને તેમણે બીજું પેમેન્ટ આપવાનો ઇનકાર કર્યો. બાદમાં, ત્રણેય શખ્સોએ સિમેન્ટની ડિલિવરી ન આપી અને ૩.૪૮ લાખ પરત ન કરી છેતરપિંડી આચરી હતી. જેથી ફીરયાદ દાખલ કરાવાઇ હતી.

# PM જનઔષધી મેડિકલ કાર્યરત

### લાયસન્સ ફેરફારની અરજી માટે સ્ટોર એકાદ દિવસ બંધ રહ્યા પુનઃ નિયમિત શરૂ

રાજકોટ, તા. ૧૬

રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલો પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી મેડિકલ સ્ટોર પુનઃ શરૂ થઈ ગયો છે અને દર્દીઓને દવા નિયમિત રીતે મળવા લાગી છે. નોંધનીય છે કે, આ જનઔષધી કેન્દ્ર ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. આ સ્ટોરના કર્મચારીઓના દર્દીઓ સાથેના વ્યવહારો અંગે ફરિયાદ મળતા સ્ટોરનું ઓચિંતુ ઓડિટ કરાવવામાં આવ્યું હતું.




દરમિયાન લાયસન્સમાં જેમનું નામ હતું, તે સ્ટાફે તાત્કાલિક અસરથી રાજીનામુ આપ્યું હતું. આથી ત્વરીત નવા સ્ટાફની નિમણુંક કરી અને લાયસન્સમાં ફેરફાર કરવા અરજી કરવામાં આવી હતી. આ સંજોગોમાં સ્ટોરની કામગીરી ફક્ત એક દિવસ માટે બંધ રહી હતી. યાદીમાં જણાવ્યા પ્રમાણે, તારીખ ૧૬ ડિસેમ્બરથી સવારથી સ્ટોર નિયમિત કાર્યરત થઈ ગયો છે. રેડક્રોસ માનવતાવાદી સેવાઓને વરેલી વિશ્વની સૌથી મોટી સંસ્થા છે. આ સંસ્થા હમેશાં જરૂરિયાતમંદ દર્દીઓના હિતમાં સેવાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત જન ઔષધી કેન્દ્ર પરથી કટકી બાજ મેડિકલ સ્ટોરના સંચાલકો દ્વારા વધુ ભાવ સાથે દવાઓનું વેચાણ કરતા હોવાની ફરિયાદો ઉઠી હતી જે બાદ રાજ્યના આરોગ્ય કમિશનર દ્વારા તપાસ સમિતિની નિમણૂક કરી હતી અને તપાસ સમિતિએ જે અવલોકન કર્યુ તેમાં માલુમ પડ્યું કે સિવિલ હોસ્પિટલમાં કાર્યરત જન ઔષધી કેન્દ્ર દવા ખરીદીમાં ગેરરીતિ આચરી છે અને દર્દીઓ પાસેથી પણ વધુ રૂપિયામાં દવાઓનું વેચાણ કર્યુ છે જે સામે આવતા ની સાથે જ આ જન આરોગ્ય કેન્દ્રને સીલ કરી દેવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ આ પગલું ભરતા હાલ સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દી ઓ માટે માથાનો દુખાવો અને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આ ગંભીર ભૂલના પગલે જન ઔષધી કેન્દ્રનો કોન્ટ્રાક્ટ રદ કરવાનો નિર્ણય લઇ તાળાં મારી દેવામાં આવ્યા હોવાનું પણ જણાયું છે. મળતી માહિતી મુજબ આશરે ૨૦ કરોડની દવાઓ બારોબાર થી ખરીદી હોવાનું માલુમ પડ્યું હતુ જે તપાસમાં સામે આવ્યું હતું.

### ૩૩.૩૩ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારતું તંત્ર : ૪૬ ટીમો ઉતરી મેદાનમાં

# PGVCLની ડ્રાઈવ : ૯૮ કનેકશનમાં ગેરરીતિ

રાજકોટ, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી પીજીવીસીએલ દ્વારા વીજ ચોરી કરનાર લોકો પર તવાઈ બોલાવી રહી છે ત્યારે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વીજ ચોરીનું દુષણ ડામવા માટે હાલ તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ વીજ ચોરીના કારણે કરોડો રૂપિયાની નુકસાની પણ તંત્રએ ભોગવી પડે છે આ તમામ પગલાંઓને ધ્યાને લઈ આવનારા સમયમાં વધુને વધુ વીજ ચોરીનું પ્રમાણ ઘટે તે માટેના હાલ પગલાંઓ લેવા તંત્ર મથામણ કરી રહ્યું છે અને સમયાંતરે વીજ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.



સરવાળે, નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો હોવાનું અનુભવાયા વગર રહેતું નથી. વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ, વધુ વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે.

રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ આવતી રાજકોટ શહેર-૧ વિભાગીય કચેરી હેઠળની કોઠારીયા રોડ, આજી-૨ અને આજી-૧ પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારો જેમકે, જંગ્લેશ્વર શેરી નં. ૧ થી ૧૨ અને એકતા કોલોની, મણીનગર, માલધારી સોસાયટી, મનોહર સોસાયટી, બાપા સીતારામ ચોક, ન્યુ શક્તિ સોસાયટી , જન્ગલેશ્વર શેરી નં. ૧૩ થી ૨૨, આરએમસી આવાસ, ચુનારવાડ, બેડીપરા શ્રમજીવી સોસાયટી, મનહર સોસાયટી, ભાવનગર રોડ વગેરે માં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૪૬ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.

આ દરમિયાન રહેણાંક, વાણિજ્યિક વગેરે મળીને કુલ ૧૦૫૯ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૯૮ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂ. ૩૩.૩૩ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. નોંધનીય છે કે એપ્રિલ-૨૫ થી તા. ૦૧.૧૧.૨૫ ના સમયગાળા દરમિયાન રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ કુલ ૩૮૬૬૬ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૩૫૨૭ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂ. ૧૨૯૯.૮૧ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### સોશિયલ મિડીયાનો ગુનાખોરીમાં બેફામ ઉપયોગઃ વધુ ત્રણ લોકો થયા શિકાર

# ફેસબૂક-ઈન્સ્ટામાં ફ્રેન્ડ બનેલા ત્રણ અઢી કરોડમાં ઠગાયા

### યુવાનને ઈશિતાએ ફ્રેન્ડ બનાવી વાતો કરી પછી શેરબજારમાં રોકાણના નામે શરૂઆતમાં નફો દીધો-પછી એક કરોડનો ડામ દીધોઃ વૃધ્ધને ફેસબૂક ફ્રેન્ડે ફસાવી પોણો કરોડ ખંખેર્યા, પ્રૌઢને ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે ક્રિપ્ટોના નામે દીધો અડધા કરોડમાં ખંખેર્યા

રાજકોટ, તા. ૧૬

સાયબર ફ્રોડની વિશાળ દુનિયામાં કોણ શિકાર બને એ જ ખબર નથી હોતી. વધુ એક કિસ્સમાં એક યુવાનને શેર બજારમાં રોકાણ પર ઉંચા વળતરની લાલચ આપી તેની પાસેથી એક કરોડથી વધુની રકમ ખંખેરી લેવાઇ છે. આ યુવાનને પણ ફેસબૂકના માધ્યમથી ફસાવાયો હતો. સોશિયલ મિડીયાનો વધુ એક વખત ગુનાખોરી માટે ઉપયોગ થયો હતો. ઈશિતા નામની યુવતિએ આ યુવાનને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. જે સ્વીકાર્યા બાદ યુવાન સાથે વાતો શરૂ કરી હતી અને પછી શેર બજારમાં રોકાણના નામે તેને શિકાર બનાવી લેવાયો હતો. બીજા કિસ્સામાં વૃધ્ધને પણ ફેસબૂકથી સંપર્ક કરી શેર બજારના નામે પોણો લાખનો ચૂનો લગાવાયો હતો. ત્રીજા બનાવમાં એક પ્રૌઢને ઇન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી ક્રિપ્ટોમાં કમાણીના નામે અડધા કરોડનો ડામ દઇ દેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના ગાંધીનગરના નાના ચિલોડામાં બની છે. અહિ રહેતા પાંત્રીસ વર્ષીય યુવાન સાથે ૧.૦૫ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. યુવકને ફેસબુક ઈશિતા અરોરા નામથી એક ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે એક્સેપ્ટ કર્યા બાદ યુવકની ઈશિતા સાથે વાતચીત શરૂ થઈ હતી. ઈશિતા અરોરાએ યુવકને શેર બજારમાં ચું વળતર આપવાની લોભામણી લાલચ આપવામાં આવી હતી. શેર બજારની એપ્લિકેશન દ્વારા રોકાણ સામે ચા વળતરની લાલચ આપી અલગ અલગ બેન્ક ખાતામાંથી ૧.૦૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવી નાણા પરત ન આપી છેતરપિંડી આચરી છે. જેની ફરિયાદીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ યુવકને સપ્ટેમ્બર મહિનામાં ફેસબુક પર ઈશિતા અરોરા નામથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે એક્સેપ્ટ કર્યા બાદ વાતચીત શરૂ કરવામાં આવી હતી. જે દરમિયાન યુવતીએ પોતાનું ઈશિતા અરોરા હોવાનું અને ફેશન ડિઝાઈનર હોવાનું જણાવ્યું હતું. તેમજ પોતાનું સાઉથ બોપલમાં ઘર હોવાનો પણ દાવો કર્યો હતો. તેમજ ઇન્ટ્રો ટ્રેનિંગની શેર બજારની એપ્લિકેશનમાં રોકાણ કરી ચું વળતર આપતી હોવાની વાત કરી હતી. એક મહિના સુધી યુવક સાથે મિત્રતા કેળવી પોતાના કાકા વિદેશમાં રહે છે અને તે ઇન્ટ્રો ટ્રેનિંગની ટીપ આપે છે જે ૧૦૦ ટકા સક્સેસ જાય છે તેવી યુવકને લોભામણી લાલચ આપવામાં આવી હતી. જેથી યુવકે યુવતી પર વિશ્વાસ રાખી રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.




આ પછી ઈશિતા અરોરા નામથી વાત કરતી યુવતીએ યુવકને એક લિંક મોકલી સાઈનઅપ કરાવી જીમેઈલ આઇડી પર લોગ ઇન કરાવ્યું હતું. સાઈન અપ કરતી વખતે કોઈ પણ ડોક્યુમેન્ટ માંગવામાં આવ્યા નહતા. જો કે વ્હોટસએપ પર ઇન્વિટેશન આઇડી નંબર મોકલીને લોગ ઇન કરાવવામાં આવ્યું હતું. જેમાં લોગ ઇન કરતા .ફૂ્ઽશ્વંહૃ.ણૂણૂ નામનું વૉલેટ બતાવતું હતું જેમાં અલગ અલગ ઓપ્શન આપેલ હતા. જેમાં બેંક એકાઉન્ટમાથી ૫૦ હજાર રોકાણ કરેલ હતું. ઇન્વેસ્ટ કરેલા પર તે દિવસે ૧૦૦ યુએસ ડોલર જેટલા રૂપિયા પ્રોફિટ થયું હોવાનો સ્ક્રીનશોટ આવ્યો હતો.

ત્યારબાદ પૈસા પાછા મેળવવા ટિકિટ જનરેટ કરતા પ્રોફિટના ૯૩૦૦ રૂપિયા યુવકના બેંક એકાઉન્ટમાં આવી ગયા હતા. પછી ઈશિતા અરોરા નામની યુવતીએ વીડિયો કોલ અને ચેટમાં વાતચીત કરી યુવકને વધારે આવવાની લાલચ આપી હતી. જેથી યુવકે બે બેંક ખાતામાંથી બચત કરેલા ૧.૦૫ કરોડ રૂપિયા અલગ અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ વોલેટમાં ચેક કરતા ૨.૨૪ કરોડ જેટલું વોલેટ બેલેન્સ હોવાનું એપ્લિકેશનમાં બતાવવામાં આવતું હતું.

જેથી પૈસા પરત લેવા માટે વેબસાઈટમાં જઈને લોગીન કરી ઓનલાઇન સર્વિસમાં રિક્વેસ્ટ કરતા ચેટબોક્સ થી એવો જવાબ આવ્યો હતો કે તમારું આઈડી સ્પેન્ડ થઈ ગયું છે. તેમજ ફોટેક્સ ફી માટે સાંઇઠ લાખ જેટલી રકમ ટેક્સ પેટે ભરવા જણાવવામાં આવ્યું હતું. જેથી ઈશિતા અરોરા નામની યુવતીને મેસેજ કરતા યુવકને ગોળગોળ જવાબ આપવામાં આવતો હતો. જો કે થોડા દિવસ સુધી યોગ્ય જવાબ ન મળતા ફરી યુવકે કોલ કરીને યુવતીનો સંપર્ક કર્યો હતો. જે દરમિયાન યુવતીએ યુવકના કારણે શેરબજારમાં રિકવેસ્ટમેન્ટમાં નુકસાન થયું હોવાની વાત કહી રૂપિયા પરત આપવાનો જવાબ ટાળી દીધો હતો. જે બાદ ૧.૦૫ કરોડ રૂપિયા પરત ન આપતા યુવકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સાયબર ક્રાઇમ પોલીસે બેન્ક ટ્રાન્જેક્ટની વિગતો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

ઠગાઇના અન્ય એક કિસ્સામાં વૃધ્ધ સાથે પોણા કરોડનું ફ્રોડ થઇ ગયું હતું. નારણપુરામાં રહેતા વૃદ્ધને પણ ફેસબુક પર શેરબજારમાં રોકાણ માટેનો મેસેજ આવ્યો હતો. જે બાદ ગઠિયાઓએ લિંક મોકલીને વોટ્સએપ ગૃપમાં એડ કર્યા હતા. જે બાદ વૃદ્ધે ૭૫.૧૮ લાખનું રોકાણ કર્યુ હતું. જે બાદ તેમને નાણાં વિડ્રો ન કરવા દઇને ગઠિયાઓએ ૨૧.૦૧ લાખ સર્વિસ ફીના માંગીને ૭૫.૧૮ લાખની છેતરપિંડી કરતા સાયબર ક્રાઇમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આવી જ રીતે ત્રીજા બનાવમાં થલતેજમાં રહેતા બાવન વર્ષીય પ્રૌઢને ઇન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી. જે બાદ મેસેજમાં વાતચીત શરૂ કરવામાં આવી હતી. મેસેજ કરનારે ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડીંગ કરો તો મોટો નફો મળે તેવી લાલચ આપીને ૫૩.૧૨ લાખની રકમ મેળવી લીધી હતી. આરોપીઓએ ૧૫ ટકા કમિશનની લાલચ આપીને રકમ વિડ્રો ન કરવા દઇને મૂડી કે નફો ન આપીને ૫૧.૮૩ લાખનું સાયબર ફ્રોડ કરતા સાયબર ક્રાઇમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ ત્રણ કિસ્સામાં યુવાન, વૃધ્ધ, પ્રૌઢને સોશિયલ મિડીયા મારફતે મેસેજ મોકલી છેતરી લેવાયા હતાં.

### વિકૃત ઢગાઓ ઠેકઠેકાણે પોતાની કરતૂતોથી છત્તી કરી રહ્યા છે શૈતાનીયત

# નિવૃત અધિકારીએ પરિચીત બાળકી સાથે આચર્યુ કૂકર્મ

## બાળાના પિતા નોકરી કરતાં હોઈ સમય ન હોઇ આ ઢગો બાળાને શાળાએ તેડવા-મુકવા જતોઃ એક દિવસ ઘરે કોઇ ન હોઇ બાળાને બોલાવી બળજબરી આચરીઃ પોલીસે કરી ધરપકડઃ અન્ય બનાવમાં શૌચ ક્રિયા માટે રાતે જાગેનલી પાંચ વર્ષની બાળકી પર બળાત્કારઃ વિકૃતને ઝડપી લેવા તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૧૬
હવસખોરીના કિસ્સા અવાર-નવાર બની રહ્યા છે. વિકૃત ઢગાઓ કઇ હદ સુધી જતાં હોય છે તે જાણીને લોકો ચોંકી જતાં હોય છે. વધુ આવી બે ઘટનાએ લોકોને હચમચાવી મુક્યા છે. જેમાં એક નિવૃત અધિકારીએ સગીર બાળાને ફસાવી તેની સાથે દૂષ્કર્મ આચરી લીધુ છે. આ હવસખોરે પોતાના જ ઓળખીતા પરિવારની દિકરી સાથે આવુ અધમ કૃત્ય આચર્યુ હતું. બાળકીને તે સ્કૂલે લાવવા-મુકવા જતો હતો અને એ રીતે બાળા સાથે બળજબરી આચરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો ચોંકાવનારી અને લાલબત્તી સમાન આ ઘટના ભાગનગરના કાળિયાબીડ વિસ્તારમાં ભક્તિનગર લીલા સર્કલ નજીકના વિસ્તારની છે. એક અત્યંત ચોંકાવનારી અને શરમજનક ઘટના સામે આવી છે. એક નિવૃત્ત અધિકારીએ તેમના પરિચિત પરિવારની બાળકી સાથે દુષ્કર્મ આચરતા માનવતા અને બાળ સુરક્ષા પર ગંભીર સવાલો ભા થયા છે. આ ઘટનાને પગલે શહેરભરમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી અનુસાર આરોપીની ઓળખ હસમુખ ઉર્ફે ઋષિ પંડ્યા તરીકે થઈ છે, જે ભાવનગરના બહુમાળી ભવન ખાતે જિલ્લા સહકારી મંડળીમાં કલાસ-ટુ અધિકારી તરીકે ફરજ બજાવી ચુક્યો હતો.

હાલ નિવૃત્ત જીવન જીવતો હસમુખ ઉર્ફ ઋષી પંડ્યાએ સગીરાના ઓળખીતા પરિવાર સાથે સારો વ્યવહાર કેળવીને તેમનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. બાળકીના માતા-પિતા નોકરી કરતા હોવાથી બાળકીને સ્કૂલેથી લાવવા-મૂકવા જવાનો સમય ન મળતો હોવાનો આરોપીએ લાભ લીધો હતો. આરોપીએ બાળકીને સ્કૂલેથી લાવવા-મુકવાની તેમજ ઘરે રમવા મોકલવાની જવાબદારી સ્વીકારી હતી. ફરિયાદ મુજબ બનાવના દિવસે આરોપીના પત્નિ અને અપરિણીત દીકરો કામથી ઘરેથી બહાર ગયા હતા. ઘરમાં કોઈ ન હોવાનો લાભ લઈને આરોપી હસમુખ પંડ્યાએ પોતાના ઘરે સગીર બાળકી સાથે આ ઘૃણાસ્પદ દુષ્કર્મ આચર્યુ હતું. પોલીસે સગીરાના પરિવારની ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને



આરોપી હસમુખ ઉર્ફે ઋષિ પંડ્યાની અટકાયત કરી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સમાજમાં મોટો આઘાત પેદા કર્યો છે. આ પ્રકારના વિકૃત શખ્સોની શૈતાનીયત અવાર-નવાર છત્તી થતી હોય છે.

બીજી ઘટના પાટનગર ગાંધીનગરમાં બની છે. અહિ સેક્ટર ૨૪માં આવેલી ઈન્દિરાનગર વસાતમાં પાંચ વર્ષની માસુમ બાળકી ઉપર કોઈ નરાધમ દ્વારા પોતાની હવસ સંતોષવા માટે બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટના બહાર આવી છે. ઘાયલ બાળકીને સારવાર માટે સિવિલ ખસેડવામાં આવી હતી ત્યારે પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને આ નરાધમને પકડવા માટે દોડધામ શરૃ કરવામાં આવી છે. જોકે ચાર જેટલા શંકાસ્પદને રાઉન્ડઅપ કરીને પૂછપરછ શરૃ કરવામાં આવી હતી. આ ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૨૪માં રહેતા પરિવારની પાંચ વર્ષની બાળકી ગઈકાલે સુઈ રહી હતી તે દરમિયાન મોડી રાત્રે શૌચક્રિયા માટે જાગી હતી અને ત્યારબાદ રડતી રડતી તે તેની દાદી પાસે પહોંચી હતી.

આ બાળકી રડતી રડતી ભૂત આવ્યું, ભૂત આવ્યું કહીને જોર જોરથી રડવા લાગી હતી. જેના પગલે તેના દાદી પણ જાગી ગયા હતા અને બાળકી ઉપર નજર કરતા તેના કપડા લોહીવાળા જોવા મળ્યા હતા. જેથી તુરંત જ પરિવારના અન્ય સભ્યોને જાણ કરી હતી અને ત્યારબાદ તેણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તબીબો દ્વારા સારવાર શરૂ કરવામાં આવી ત્યારે આ બાળકી ઉપર કોઈ નરાધન દ્વારા દુષ્કૃત્ય કરવામાં આવ્યું હોવાનું જણાયું હતું. જેના પગલે તુરંત જ એમએલસી દાખલ કરીને સેક્ટર ૨૧ પોલીસને જાણ કરવામાં આવી હતી અને તેના આધારે પોલીસની ટીમ હોસ્પિટલ પહોંચી હતી. જ્યાં બાળકીની પૂછપરછ કરી હતી અને ફરિયાદના આધારે આ કૃત્ય કરનાર આરોપીને પકડવા માટે દોડધામ શરૂ કરી હતી.

બીજી બાજુ પોલીસ દ્વારા સ્થળ ઉપર જઈને પણ તપાસ શરૂ કરવામાં આવી હતી અને ચાર જેટલા શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરીને આકરી પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. ઘટના સ્થળે એફએસએલને પણ બોલાવીને પોલીસ દ્વારા જરૂરી સેમ્પલ લેવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, આ બાળકીના માતા-પિતા વચ્ચે અણબનાવ હોવાથી તેની માતા પિયરમાં બાળકીને લઈને આવી હતી અને અહીં જ રહેતી હતી. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારની વ્યક્તિઓની પણ પૂછપરછ શરૂ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં આ ગુનાનો ભેદ ઉકેલી દેવામાં આવશે તેમ જણાવાયું હતું.

### જિંદગી તો બેવફા હૈ એક દિન ઠુકરાયેગી...પણ અમુક ઠુકારવે છે જાતે જ મહામુલી જિંદગી

# બે યુવાન, નર્સિંગ કર્મચારી, પરિણતાના અપમૃત્યુ

## એક પરિણીતા બેભાન થઇ ગયા બાદ જીવ ગયોઃ એક વૃધ્ધા લાકડા વીણતા હતાં અને સાપે દંશ મારતાં મૃત્યુ થયું

રાજકોટ, તા. ૧૬
મહામુલી જિંદગીને લોકો અલગ અલગ કારણોસર ત્યજી દેતાં હોય છે, તરછોડી દેતાં હોય છે. આત્મહત્યાની રાજકોટ શહેરમાં વધુ ચાર ઘટના બની છે. જેમાં એક બનાવમાં રાજકોટ રહી નર્સિંગ વિભાગમાં અભ્યાસ કરતી ગીર સોમનાથની યુવતિએ ગળાફાંસો ખાઇને, તો અનય બનાવમાં ઓગણીસ વર્ષના યુવાને દવા પીને આપઘાત કર્યો હતો. ત્રીજા બનાવમાં એક પરિણીતાને સસરા સાથે ચડભડ થતાં મોત મેળવી લીધુ હતુ. ચોથા બનાવમાં એક યુવાને ફિનાઇલ પી આત્મહત્યા કરી હતી. પાંચમા બનાવમાં એક વૃધ્ધાને સાપ કરડી જતાં તેમનું મોત થયું હતું. છઠ્ઠા બનાવમાં એક પરિણીતાનું બેભાન થઇ ગયા બાદ મોત નિપજ્યું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટ રહી હોસ્પિટલમાં નર્સિંગ વિભાગમાં નોકરી કરતી ગીર સોમનાથ પંથકની યુવતિએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારજનો, સાથી કર્મચારીઓમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. દોઢસો રીંગ રોડ પર રીંગ રોડ મટુકી રેસ્ટોરન્ટ પાસે ગોવિંદરત્ન ગ્રીનસીટી-૪માં રહેતી મિત્તલબેન નામની ૨૨ વર્ષની યુવતિએ સાંજે ઘરમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી રવિભાઇ રાવલ દ્વારા થતાં તાલુકા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કિશનભાઇ અજાગીયા સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારી મિત્તલબેન બે બહેન એન એક ભાઇમાં મોટી હતી.

તે રાજકોટ રહી ખાનગી હોસ્પિટલમાં નર્સિંગ વિભાગમાં નોકરી કરતી હતી. સાથે સાથે કપડાના શો રૂમમાં પણ દિવસ દરમિયાન પાર્ટટાઇમ નોકરી કરતી હતી. સાંજે સાતેક વાગ્યે શો રૂમેથી પોતાના ઘરે રૂમે કે જે હોસ્પિટલ મારફત અપાયો હતો ત્યાં આવ્યા બાદ આ પગલુ ભર્યુ હતું. સાંજે હોસ્પિટલની અન્ય કર્મચારી કે જે મિત્તલબેન સાથે રહેતી હતી તેણી ઘરે આવી ત્યારે આ ઘટનાની જાણ થઇ હતી. પોલીસના કહેવા મુજબ મિત્તલબેનના પિતાનું નામ મનુભાઇ બામણીયા છે જે ગીર સોમનાથ રહે છે. મિત્તલબેનનું સગપણ નક્કી થઇ થવાની વાત ચાલતી હતી. ઘરમાંથી કોઇ ચિઠ્ઠી કે મોબાઇલમાં વિડીયો વગેરે મળ્યા નહોતાં.

બીજી ઘટનામાં આત્મહત્યાના વધુ બે બનાવ બન્યા છે. જેમાં કાલાવડ રોડ ક્રિષ્ના પાર્કમાં રહેતાં ઓગણીસ વર્ષના યુવાને એસિડ પી લેતાં તેનું મોત થયું હતું. કાલાવડ રોડ ક્રિષ્ના પાર્ક પુષ્કરધામ



મેઇન રોડ પર રહેતાં સુનિલ કરણરાય ચાવડા નામના ઓગણીસ યુવાને ગઇકાલે રાતે પોણા બે વાગ્યા આસપાસ ઘરે હતો ત્યારે કોઇ કારણોસર દવા પી લેતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. હોસ્પિટલ દ્વારા આ અંગેની જાણ કરવામાં આવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ જીતુભાઇ બાળા અને મુકેશભાઇ ચરમટાએ જરૂરી કાર્યવાહી કરી હતી. કારણ બહાર ન આવતાં પોલીસ તપાસ કરી રહી છે.

ત્રીજી ઘટના વિશે જોઇએ તો રેલનગર શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપમાં રહેતાં નિલેષભાઇ વસંતભાઇ ચાવડા નામના પાંત્રીસ વર્ષના યુવાને ઘરે ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આપઘાતના બનાવની જાણ હોસ્પિટલ ચોકીના ચિત્રકેતુસિંહ ઝાલાએ કરતાં પ્ર.નગરના એએસઆઇ કે. કે. ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. માનસિક બિમારીને કારણે પગલુ ભર્યાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

ચોથાબ નાવમાં મવડી પ્લોટની શ્રીનાથજી સોસાયટી-૫માં રહેતી વીસ વર્ષની રીનાબેન સાગરભાઇ સોનીગ્રા નામની પરિણીતાએ ઘરમાં પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. રીનાબેન સાંજે ઘરમાં હતી ત્યારે તેની એક વર્ષની દિકરી ખુબ રડતી હોઇ પાડોશી દિકરીના રડવાનો અવાજ સાંભળી તપાસ કરવા જતાં દરવાજો બંધ હોઇ ખુબ ખખડાવ્યો હતો. પરંતુ દરવાજો ન ખોલાતાં પાટુ મારતાં ખુલી ગયો હતો અને અંદર રીનાબેન લટકતાં મળતાં તેના પતિ, સસરાને જાણ કરતાં તેઓ દૂકાને હોઇ આવી ગયા હતાં.

કોઇએ ૧૦૮ બોલાવી હતી. પરંતુ તેના તબિબ ડો. રવિભાઇ રાવલે રીનાબેનને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં માલવીયાનગરના પીએસઆઇ સી. પી. રાઠોડ સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રીનાબેનના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક વર્ષની પુત્રી છે. પતિ સાગરભાઇ અને સસરા નરેન્દ્રભાઇ દરજી કામની દુકાનમાં બેસી કામ કરે છે.

સાંજે તેઓ દુકાને હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ બપોરે રીનાબેન અને તેના સસરા વચ્ચે ઘરનું શૌચાલય સાફ કરવા બાબતે ચડભડ થઇ હતી. બાદમાં આ પગલુ ભરી લેવાયું હતું. અંતિમવિધી બાદ પોલીસ માવતર પક્ષના નિવેદન નોંધશે. બનાવથી એક વર્ષની દિકરી મા વિહોણી થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

જ્યારે અપમૃત્યુની અન્ય ઘટનામાં બોટાદના રાયપર ગામે પ્રતાપભાઇની વાડીમાં પરિવારજનો સાથે રહેતાં મુળ વડોદરાના કંવાટના કાશીબેન શેરીયાભાઇ ચૌહાણ નામના એંસી વર્ષના વૃધ્ધા ગઇકાલે સવારે વાડીએ બળતણ-તાપણા માટે લાકડા વીણતાં હતાં ત્યારે જમણા હાથે સાપે દંશ મારતાં બેભાન થઇ જતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતકને સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. આ પરિવાર વર્ષોથી રાયપરમાં રહે છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગઢડા પોલીસને જાણ કરી હતી.

મવડી ઓમનગરમાં રહેતી છવ્વીસ વર્ષની રવીણાબેન દિપકભાઇ દાણીધારીયા નામની પરિણીતા ઘરે બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.બનાવની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના હેડકોન્સ. ચિત્રકેતુસિંહ ઝાલાએ જાણ કરતાં તાલકુા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ. પી. ચૌહાણ સહિતે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામતનાર રવીણાબેનના લગ્ન ચાર વર્ષ પહેલા થયા હતાં. માવતર દ્વારકાના સોનારડી ગામે રહે છે અને પતિ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. પરિવારજનોના કહેવા મુજબ શરદી, ટીબીની અસર સહિતની બિમારી હતી. આમ છ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

### ગામના પૈસા જેને જલ્સા કરવા છે એ ગઠીયાઓ કદી થાકવાના નથી

# કેનેડા જવાની લ્હાયમાં યુવાનના એક લાખ 'ચાઉં'

## બીજા કિસ્સામાં ફોન એક કરી ટ્રાન્સપોર્ટરના સાડા દસ લાખ બેંક ખાતામાંથી ઉસેડી લેવાયાઃ ત્રીજા બનાવમાં વાહન બૂકીંગના નામે અનેક લોકો સાથે થઇ ઠગાઇ

રાજકોટ, તા. ૧૬
અલગ અલગ પ્રકારની ઠગાઇની વધુ કેટલીક નવી ઘટના સામે આવી છે. જેમાં એક બનાવમાં કેનેડા મોકલવાના નામે યુવાન સાથે ફ્રોડ થયું છે. તો બીજા બનાવમાં વાહન બૂકીંગના નામે લાખો પડાવી લેવાયા છે. ત્રીજા કિસ્સામાં ફોન હેક કરી સાડા દસ લાખ ટ્રાન્સફર કરી લેવાયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં કેનેડા મોકલવાના બહાને અને વાહન અપાવવાના બહાને છેતરપિંડી કરવામાં આવી હોવા અંગેની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. નવા વાડજ વિસ્તારમાં રહેતા મહિલાને તેમના દીકરાને કેનેડા મોકલવાના બહાને એક લાખ રૂપિયા આપી દીધા હતાં. બાદમાં ઓફિસ બંધ હતી જેથી છેતરાયા હોવાની જાણ થઈ હતી. વાસણા વિસ્તારમાં વાહન બુકિંગના નામે પૈસા લઈને વાહનની ડિલિવરી ન આપીને પણ છેતરપિંડી લોકો સાથે કરવામાં આવી હોવાની ફરિયાદ વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ આ અંગેની વિગત એવી છે કે શહેરના નવા વાડજ વિસ્તારમાં સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા અને ઘરકામ કરનાર શિલ્પાબેન ઉપાધ્યાય અને રાણીપ વિસ્તારમાં આવેલા આર્વેદ ટ્રાન્સક્યુબ પ્લાઝા ખાતે હોમ કેર પ્રોડક્ટ બાબતે તેમની મિત્ર કાશ્મીરાબેન થકી અરમાન જોશી નામના વ્યક્તિ સાથે મુલાકાત થઈ હતી. અરમાન જોશી સાથે હોમ કેર-ડોક્ટર બાબતે અવારનવાર મળવાનું થતું હતું. ત્યારબાદ અરમાન જોશીએ પોતે એમ પી એફ ફ્યુચર કંપની છે જે માઈગ્રેટ ટુ કેનેડા વિથ વર્ક વિઝા નામની સ્કીમ ખોલી છે. વ્યક્તિની લાયકાત પ્રમાણે તેઓ કેનેડામાં નોકરી અપાવે છે.

આ પછીં શિલ્પાબેનને તેના પુત્ર તનિષ ઉપાધ્યાયને કેનેડા મોકલવા માટેની વાત કરી હતી. જેથી અરમાન જોશીએ ૮ લાખ રૂપિયા થશે તેમ જણાવ્યું હતું. કેનેડાની ફાઈલ બનાવવા માટે તેઓએ મિત્ર કાશ્મીરાબેનની હાજરીમાં એક લાખ રૂપિયા આપ્યા હતા જેમાં ૫૦,૦૦૦ રૂપિયાની પહોંચ આપી હતી અને બાકીના ૫૦૦૦૦ રૂપિયાની પહોંચ પછી આપીશું એવી વાત કરી હતી. અરમાન જોશી એ તમામ પ્રકારના ડોક્યુમેન્ટ લીધા હતા અને બાદમાં




ફાઈલની પ્રોસેસ ચાલુ છે વર્ક પ્રોસેસ ચાલુ છે દુબઈમાં વર્ક પરમીટની -ોસેસ ચાલુ છે વગેરે કહી અને તેઓ દ્વારા ગલ્લા કલ્લા કરવામાં આવ્યા હતા.ત્યારબાદ કંપનીએ તપાસ કરવામાં આવતા કંપની બંધ હતી અને મ્યુનિસિપલ કોર્પોરેશનનું સીલ પણ મારેલું હતું જેથી પોતે છેતરાયાની જાણ થતાં આ મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બીજી ઘટનામાં બાવળાના પ્રતાપભાઈ પઢારને બર્ગમેન વાહન લેવું હતું જેના કારણે થઈને તેઓ બાવળા અને આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ ત્યાં વાહન મળતું નહોતું જેથી અમદાવાદના વાસણા વિસ્તારમાં ગુપ્તાનગરમાં સિદ્ધિવિનાયક આર્કેડ ખાતે આવેલા લ્ખ્પ્લ ફોટો નામના શોરૂમમાં માનસી અને સંજય સોનીને મળ્યા હતાં. બર્ગમેન વાહનનું બુકિંગ કરાવ્યું હતું. જે પેટે ૧.૧૬ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા ત્યારબાદ તેઓને બે દિવસ પછી વાહનની ડિલિવરી આપવા માટે કહ્યું હતું. જોકે વાહનની ડિલિવરી આપવામાં આવી નહોતી ત્યારબાદ ફરીથી ફોન કરતા પંદર દિવસ બાદ તેમને ડિલિવરી આપવા માટે કહ્યું હતું. આ બાબતે બે થી ત્રણ વખત વાહનની ડિલિવરી કરવામાં ગલ્લા તલ્લા કરતા તેઓ શોરૂમ ઉપર ગયા ત્યારે શોરૂમ બંધ હતો. અનેક લોકો પાસેથી આ રીતે વાહનના બુકિંગ પેટે પૈસા લઈને છેતરપિંડી કરી હોવાનું સામે આવતા વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ત્રીજા કિસ્સામાં સુરતના પુણા કુંભારીયા વિસ્તારમાં રહેતા ટ્રાન્સપોર્ટરના મોબાઇલ ફોન હેક કરીને ગઠીયાએ એક જ કલાકમાં તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૧૦.૬૫ લાખ ટ્રાન્સફર કરી છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઇ હતી. પુણા કુંભારીયા નેચરવેલી સોસાયટીમાં રહેતા શિશરામ શેરસિંઘ ચૌધરી ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તા.૨ નવેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ડ્રાઇવરને ગુગલ પે મારફતે ૨૦ હજાર ટ્રાન્સફર કરવા ગયા હતા. પણ બેંકમાંથી બેલન્સ ન હોવાનો મેસેજ આવ્યો હતો જ્યારે તપાસ કરતા તેમના ખાતામાં માત્ર રૂ.૪૨૮ જમા હતા. જ્યારે તપાસ કરતા દસ જેટલા ટ્રાન્જેકશન થકી રૂ.૧૦,૬૫,૩૭૫ કોઇ ગઠીયાએ ટ્રાન્સફર કરી લીધા હતા. જ્યારે શિશરામ ચૌધરીના મોબાઇલ ફોન પર કોઇ મેસેજ કે ઓટીપી પણ આવ્યા ન હતા. આખરે તેમણે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી હતી.

સરકાર દ્વારા ગેરકાયદે બાંધકામો ઈમ્પેક્ટ ફી ભરીને નિયમબધ્ધ કરવાની મુદ્દતમાં કર્યા ફેરફાર

# ઈમ્પેક્ટ ફી ની મુદત છ માસ લંબાવાઈ

## ટાઉન પ્લાનિંગ વિભાગની નબળી કામગીરી ના પગલે ૧૦,૦૦૦ જૂની અરજીઓ પેન્ડિંગ, સમય વધતા નવી અરજીઓનો થશે ભરાવો




રાજકોટ, તા. ૧૬

રાજકોટમાં ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી અંગે ઘણા ખરા પ્રશ્નો ભૂતકાળમાં જોવા મળ્યા હતા અને હાલ પણ આ અંગે ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે અત્યારે ઈમ્પેક્ટના ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે તેનું તાકીદે નિવારણ લાવવા ભારે મહેનત કરવામાં આવી રહી છે હાલ ઈમ્પેક્ટ હેઠળની ઘણી ખરી ફાઈલો હજુ પણ ટાઉન પ્લાનિંગ વિભાગમાં પેન્ડિંગ પડેલી છે ત્યારે આ પેન્ડેન્સી ઘટાડવા હાલ મનપા તંત્ર મથામણ કરી રહ્યું છે પરંતુ જે યોગ્ય ન્યાય મળવો જોઈએ તે મળી શકતો નથી ત્યારે ફરી એક વખત રાજ્ય સરકારે ઈમ્પેક્ટ ફી ભરી મિલકતને નિયમ બંધ કરવાના મુદતમાં પાંચમી વખત વધારો કર્યો છે જેથી હવે આગામી ૬ મહિના સુધી આ પ્રકારના બાંધકામો રેગ્યુલર કરવા માટે મિલકત ધારકો અરજી કરી શકશે.

સરકારના આ નિર્ણયથી હવે કેટલી ફાઈલોનો અને અરજીઓનો ભરાવો થાય છે તે હવે જોવાનું રહ્યું.રાજ્યમાં મહાનગરો અને નગરોમાં ગેરકાયદે બંધાયેલા બાંધકામો ઈમ્પેકટ ફી ભરીને નિયમબધ્ધ કરવાના કાયદાની મુદ્દત રાજય સરકારે પાંચમી વખત લંબાવી છે. હવે આજથી વધુ છ મહિના સુધી આવા બાંધકામો રેગ્યુલર કરવા જે તે મિલ્કત ધારક અરજી કરી શકશે. જોકે રાજકોટ સહિતના કોઇ શહેરોમાં આસામીઓ તો ઠીક મનપા સહિતની સરકારી કચેરીઓમાં પણ કોઇ ઉત્સાહ દેખાતો ન હોય અને ચૂંટણીઓ પૂર્વે હજારો બાંધકામ કાગળ પર અનઅધિકૃત સાબિત ન થઇ જાય તે માટે જુલાઇ મહિના સુધી અરજી કરવા તક આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા અગાઉ પણ ઈમ્પેક્ટ ફી ની અવધી લંબાવવામાં આવી હતી જેમાં મુદત વધતા જ ૧૪,૦૦૦ થી વધુ અરજીઓ આવી હતી જેમાંથી ૧૦,૦૦૦ જેટલી અરજીઓ આજે પણ પેન્ડિંગ છે. ત્યારે તંત્રમાં સહેજ પણ હરખ જોવા મળતો નથી એટલું જ નહીં હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે અત્યારે આ પેન્ડિંગ અરજીઓ પડેલી છે તેનો નિકાલ કરવો કે હવે જે અરજીઓનો ભરાવો થશે તેનો નિકાલ કરો. બીજી સૌથી મોટી વાત તો એ છે કે હાલ ટાઉન પ્લાનિંગ વિભાગમાં પૂરતો સ્ટાફ પણ નથી અને અત્યારના અધિકારીઓમાં પણ આ કામગીરી કરવામાં જે હરખ અને કામ કરવાની ખેવના હોવી જોઈએ તે પણ જોવા મળતી નથી. ત્યારે રાજ્ય સરકાર દ્વારા વધારવામાં આવેલી મુદત મહાનગરપાલિકા માટે આશીર્વાદરૂપ નીકળશે કે શ્રાપ સાબિત થશે તે તો સમય જ જણાવશે.

મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા જુના ગેરકાયદે બાંધકામોને નોટિસ આપી ઈમ્પેક્ટ ફીની કાર્યવાહી કરાવવામાં આવી જોઈએ તે થતી નથી પરિણામ સ્વરૂપે વર્ષોથી ખામી છે તે ટીપી અને ફાયર શાખા વચ્ચે આજે પણ સંકલન જોવા મળતું નથી અને તેના અભાવના કારણે હાલ આ કામગીરીને સહેજ પણ વેગ મળતો નથી. શહેરી વિકાસ વિભાગે બાંધકામોને બીયુ મળ્યા બાદ વધારાનું બાંધકામ કર્યુ હોય તેને રેગ્યુલરાઇઝ કરવા માટે ઈમ્પેક્ટ ફી કાયદો અમલમાં મુક્યો છે જેની મુદત આજે પૂર્ણ થતા પહેલા અમદાવાદ કોર્પો.એ છ મહિના મુદત લંબાવવા જાહેરાત કરી હતી. હવે સરકારે દરેક નગરો અને મહાનગરો માટે નવો પરિપત્ર જાહેર કરી આજથી તા.૧૭થી ફરી વખત છ માસનો મુદત વધારો કર્યો છે. રાજકોટની વાત કરીએ તો મહાનગરપાલિકામાં ઈમ્પેક્ટ ફી યોજના અંતર્ગત આજ સુધીમાં ૧૪૮૧૦ અરજીઓ આવી છે જે પૈકી ૪૯૨૭ અરજીઓ મંજૂર કરાઇ છે. તો બાકીની અરજી હજુ પ્રક્રિયામાં હોવાનો જવાબ અધિકારીઓએ જનરલ બોર્ડને આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટ્યો છે, જેને લઈ રાજ્ય સરકારે ગુજરાત અનધિકૃત વિકાસ અધિનિયમ ૨૦૨૨નું બિલ લાવી કાયદેસરતા બક્ષવા કવાયત કરી હતી. જે અંતર્ગત ચાર વખત છ-છ માસની મુદત આપ્યા બાદ પાંચમી વખત મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. મનપાના જણાવ્યા મુજબ ઈમ્પેક્ટ ફી અંતર્ગત આવતી અરજીઓ પૈકી મોટાભાગની અરજીઓમાં નિયમોની અમલવારી થતી નહીં હોવાની છાપ છે. અડધા કેસમાં તો બાંધકામને નિયમબધ્ધ કરવું મુશ્કેલ હોવાનું તંત્ર કહે છે. જોકે ગેરકાયદે બાંધકામોને ચકાસવા, નોટીસ આપવા સહિતની કાર્યવાહી થતી હોય તો સ્થળ પર જ ઈમ્પેકટ ફી હેઠળ અરજીની કાર્યવાહી પણ કેમ્પની જેમ કેમ ન થઇ શકે તેવો સવાલ પણ અમુક ચૂંટાયેલા લોકો ખુદ પૂછી રહ્યા છે.

સરકાર દ્વારા જે મુદતમાં વધારો કરવામાં આવ્યો તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે હાલ જેટલા પણ અધિકૃત બાંધકામો હોય તે ઈમ્પેક્ટ ફી ભરી રેગ્યુલર કરાવી શકે છે પરંતુ સામે વાસ્તવિકતા એ પણ છે કે તે કરવા માટે અધિકારીઓની પણ દાનત હોવી જોઈએ જે જોવા મળતી નથી અત્યારે હાલ જે ઈમ્પેક્ટ ફીની અરજીઓની જે દશા જોવા મળી રહી છે તેની સામે વધુ છ માસની મુદત વધારાતા હવે જોવાનું એ રહ્યું કે અરજદારો દ્વારા કેટલા પ્રમાણમાં અરજી કરવામાં આવે છે જે એ પણ પુરવાર કરી દેશે કે મહાનગરપાલિકા ની કામગીરીમાં ઘણી ક્ષતિઓ છે કારણ કે ઈમ્પેક્ટ ફી માટેની જે અરજી આવતી હોય એટલે ગેરકાયદે બાંધકામો કરેલું હોય જો ગેરકાયદે બાંધકામો કરેલું હોય તો કેમ તંત્રના ધ્યાને ન આવે તે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે.

એક તરફ સરકાર દરેક કામગીરી સુદ્રઢ કરવા માટેના પગલાંઓ લઈ રહી છે ત્યારે ફરી વખત આ નિર્ણયથી શું ફેર પડશે તે હવે જોવાનું રહ્યું. મળતી માહિતી અનુસાર આજે પણ ૧૦,૦૦૦ જેટલી અરજીઓ ઈમ્પેક્ટ હેઠળ પેન્ડિંગ પડેલી છે ત્યારે તેનો યોગ્ય નિકાલ લાવવા માટે હવે પહેલાં જે જૂની અરજીઓ છે તેને ક્લિયર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે જો તે નહીં કરાય તો આગામી દિવસોમાં કોર્પોરેશનનો જ ભારણ વધશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલ ટામ પ્લાનિંગ વિભાગની કામગીરી આખે વળગીને સામે આવી રહી છે ત્યારે અત્યારે ચૂંટણીઓ માથે હોવાના કારણે હાલ વધુમાં વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવે તે દિશામાં તંત્ર પગલું ભરે તેવું જણાઈ રહ્યું છે. સાથોસાથ હાલ જે નવી અરજીઓ આવે તેનો ભરાવો ન કરવા અને સીધો જ નિકાલ કરવા માટે મહેનત કરવામાં આવશે તેવું હાલ ચિત્ર ઊભું થયું છે.

# કોંગ્રેસના આંદોલન બાદ આમ્રપાલી બ્રીજની મરામત

## બન્ને તરફ એક-એક ફૂટની ગટર બનાવી પુલ સાંકડો કરી નખાતા ટુ-વ્હીલર ચાલકો માથે જોખ : અણઘડ આયોજનથી લોકો ત્રાહીમામ

રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેરનાં કિસાનપરા ચોક નજીક આમ્રપાલી અંડરબ્રિજમા કાયમી પાણી અને ગંદકીની સમસ્યા સામે કોંગ્રેસે પાવડા તગારા ઉપાડતા આખરે મહાનગરપાલિકા તંત્ર જાગ્યું છે અને, દિવાલમાંથી વછૂટતુ પાણી બંધ કરવામા મહાનગર પાલિકાના ઇજનેરો હવે અન્ડરબ્રિજમા પાણીના નિકાલ માટે બન્ને તરફ એક-એક ફૂટની આર.સી.સી. ગટર બનાવવાનો જોખમી અને અવ્યવહારુ વિકલ્પ અપનાવ્યો છે. આ કારણે ટુ વ્હીલર ચાલકો માટે અકસ્માતનુ જોખમ વધ્યું છે. રૈયા રોડ અન્ડરબ્રિજ બન્યાને હજુ લાંબો સમય થયો નથી ત્યાં બ્રિજની દિવાલોમાથી પાણીની સરવાણીઓ અવિરત ચાલુ રહેતા હવે મહાનગર પાલિકાના ઈજનેરોએ પાણીના નિકાલ માટે અન્ડરબ્રિજને જ સાંકડો કરવા મુર્ખામીભર્યો નિર્ણય લીધો છે .પાણી ના નિકાલ માટે બ્રિજની અંદર બન્ને તરફ એક-એક ફૂટ આર.સી.સી. ગટર બનાવતા પૂલ બે ફૂટ સાંકળો થઈ ગયો છે.

બ્રિજ ઉતરતા સ્પીડમાં આવતા વાહનો આ ગટરની પાળી સાથે સીધા અથડાવાનો ભય રહે છે. અન્ડર બ્રિજમા સતત અંધારૂ રહે છે અને બ્રિજના ઢાળીયો ઉતરતા જ બન્ને તરફ ચાલકો આ બ્રિજમાંથી પસાર થાય છે ત્યારે ગટરની પાળી સાથે વાહન અથડાવાનો સતત ખતરો રહેશે. મહાનગર પાલિકાના શાસકોનો આ આઈડિયા જોખમી અને જીવલેણ બની શકે છે.

અન્ડર બ્રિજમાં દિવાલ વિંધિને નીકળતા પાણી બંધ કરવા કાયમી સોલ્યુશન મારવાના સાહસનો બચાવ કરતા અધિકારીઓ કહે છે કે, ચોમાસામા દરેક બિલ્ડિંગના સેલરમાં પાણી ભરાય છે તો અન્ડરબ્રિજમા પણ પાણી ભરાય તે સ્વાભાવિક છે . પરંતુ વરસાદ બંધ થાય એટલે સેલરમા પાણી આવતા બંધ થઈ જાય છે જયારે અન્ડર બિજમા ચોમાસાની વિદાયના બે માસ બાદ પણ પાણીની સરવાણીઓ ફૂટે છે. તે બાબત અન્ડર બ્રિજની ડિઝાઈન સામે જ શંકા ઉભી કરે છે. મહાનગરપાલિકામા હાલ બોડી બામણીના ખેતર જેવુ શાસન હોવાથી અધિકારીઓએ કરેલી ભુલની સજા પ્રજાજનોને કાયમી ભોગવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.



એપ્રિલથી ડિસેમ્બર બીજા સપ્તાહ સુધીમાં કોલ સેન્ટરમાં ફરિયાદોનો ધોધ

# કામ થતાં નથી : મનપાને મળી ૩,૩૫,૬૦૦ ફરિયાદો

## ડ્રેનેજ વિભાગની ૧,૮૫,૮૫૮, રોશની વિભાગની ૩૯,૩૯૬, સોલિડ વેસ્ટની ૨૭,૫૫૯, અર્બન મેલેરિયાની ૨૪,૦૩૬, ડ્રેનેજ મેઈટિનન્સની ૧૫,૮૬૦ ફરિયાદો

રાજકોટ, તા. ૧૬

શહેરના વધતાં જતાં વોર્ડ અને વિસ્તારો સાથે લોકોની સમસ્યા હલ કરવામાં મહાનગરપાલિકા તંત્રમાં અંધેર વહિવટ ચાલતો હોય કે પછી લોકોની ફરિયાદો હલ કરવામાં તંત્ર ટુંકું પડતું હોય તેમ એપ્રિલ માસથી ડિસેમ્બર માસના બીજા સપ્તાહ સુધીમાં ૩,૩૫,૬૦૦ ફરિયાદો નોંધાઈ છે. આમાં અડધો અડધ એટલે કે ૧,૮૫,૮૫૮ ફરિયાદો માત્ર ડ્રેનેજ ચોકઅપ અને ઓવરફ્લોની છે. આ પછી બીજા ક્રમે રોશની વિભાગની ૩૯,૩૯૬ છે. આવી રીતે, સોલિડ વેસ્ટની ૨૭,૫૫૯, અર્બન મેલેરિયાની ૨૪,૦૩૬, ડ્રેનેજ મેઈટનન્સની ૧૫,૮૬૦ ફરિયાદો નોંધાઈ છે. બીજીબાજું જે ફરિયાદોનો નિકાલ થયો નથી તેમાં બાંધકામ શાખાની ફરિયાદ સૌથી વધુ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણેય ઝોનમાં પથરાયેલા ૧૮ વોર્ડના નાગરિકોની ફરિયાદોના નિરાકરણ માટે કોલ સેન્ટરની રચના કરવામાં આવી છે. આ કોલ સેન્ટરના ફોન નંબર ૧૫૫૩૦૪ નંબર પર નાગરિકો દ્વારા તેમની સમસ્યા અને મુશ્કેલીની નાની મોટી ફરિયાદો નોંધાવવામાં આવે છે. ફરિયાદ કરનાર નાગરિકોને ફરિયાદ રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવે છે. અગાઉ જ્યારે કોલ સેન્ટરમાં કોઈ નાગરિક ફરિયાદ નોંધાવતા ત્યારે જે તે શાખાના જવાબદાર અધિકારીઓ સ્થળ તપાસ કર્યા વગર જ ફરિયાદનો નિકાલ થઇ ગયાનું બતાવતા હતા. આ સમસ્યા દુર કરવા માટે મહાનગપાલિકાએ થોડા વર્ષો પહેલા લોકોની સમસ્યા દુર થાય અને અધિકારીઓ વાસ્તવિક રીતે કામ કરે તે માટે એક અલગ સિસ્ટમ શરૂ કરી હતી.



આ મુજબ, જ્યારે ફરિયાદનો નિકાલ કરવા અધિકારીઓ સ્થળ પર જાય ત્યારબાદ કામગીરી કર્યાના ફોટા અપલોડ કરવાની અને જે તે ફરિયાદીના મોબાઈલમાં ક્યુઆર કોડ આવે ત્યારબાદ ફરિયાદનો નિકાલ થયાની નોંધ કરવામાં આવતી હતી. આ પછી કોલ સેન્ટરના નવા નંબર સાથે તેનું સેન્ટ્રલાઈઝેશન કરવામાં આવ્યું છે. પણ આ સેન્ટ્રલાઇઝેશન બાદ ફરિયાદોની સંખ્યા વધી હોય તેમ નવા નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત એટલે કે તા.૧ એપ્રિલથી ડિસેમ્બર માસના બીજા અઠવાડિયા સુધીમાં જ કોલ સેન્ટરને મહાનગરપાલિકાના અલગ અલગ ૪૧ વિભાગોની કુલ ૩,૩૫,૫૯૭ ફરિયાદો મળી છે. આ સામે ૩, ૩૧, ૫૫૪ ફરિયાદોનો નિકાલ થયાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જ્યારે ૪૦૪૩ ફરિયાદ નિકાલ થયા વગરની છે. આમાં પણ બાંધકામ શાખાની સૌથી વધુ ૧૪૫૧ અને વોટરવર્કસ આઉટડોરની ૧૦૪૬ ફરિયાદો નિકાલ થયા વગરની છે.! મહાનગરપાલિકાના કોલ સેન્ટરને અલગ અલગ શાખાઓની મળેલી ફરિયાદોમાં પશુ રંજાડની ૪૩૭, ડોગ બાઇટની ૮૦૯, આવાસ ટેકનિકલની ૮, આવાસ યોજનાની ૧૯૪, બાંધકામની ૧૪,૬૩૪, સેન્ટ્રલ ટાઉન પ્લાનિંગ યુનિટની ૩, સેન્ટ્રલ અર્બન ડેવલપમેન્ટ યુનિટ (ટીપી)ની ૨, સિટી બસની ૧૬, મૃત પશુઓની ૭,૧૯૨, દબાણ હટાવની ૫,૩૧૨, ડ્રેનેજ ચોક અપ અને ઓવરફલોની ૧,૮૫,૮૫૮, ડ્રેનેજ મેઈટેનન્સની ૧૫,૬૦૦, ઈલેક્ટ્રોનિક વેસ્ટની ૫૮, એસ્ટાબ્લિશ વિભાગની ૪, એસ્ટેટ બ્રાંચની ૫૧, ફાયરબ્રિગેડની ૧૧૨, ફૂડ વિભાગની ૨૪૬, ગાર્ડનની ૪,૨૧૬, જનરલ એડમિન વિભાગની ૪,૨૧૬, હેંડ પંપ બ્રાંચની ૧૭ ફરિયાદોનો સમાવેશ થાય છે.

આવી જ રીતે અન્ય વિભાગોમાં આરોગ્ય વિભાગની ૩૧, આઈ.સી.ડી.એસ.ની ૩૧, લાયબ્રેરીની ૧૫, ઓનલાઇન પેમેન્ટ ઇસ્યુની ૬૭૩, અન્ય ૧૯, પાર્કિંગ મેનેજમેન્ટ બ્રાંચની ૧૯, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧, પ્રોજેક્ટ શાખાની ૩૫, આર.એસ.સી.ડી.એલ.ની ૩૫, રોશની વિભાગની ૩૯,૩૮૬, રૂડાની ૧૯, વોંકળા સંબંધિત ૭૨૧, સાંસ્કૃતિક વિભાગની ૪, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ૨૭,૫૫૯, સ્પોર્ટસ સંબંધિત ૧૪૬, ટેક્સ બ્રાંચની ૨૭૪, ટાઉન પ્લાનિંગની ૧,૪૬૫, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ સેલની ૨૭૩, અર્બન મેલેરિયાની ૧૪૬૮, વોટર વર્કસ (આઉટડોર)ની ૨૪,૦૩૬ અને ઝુ સંબંધિત ૩ ફરિયાદો મળી હતી.

આમ કુલ ૩,૩૫, ૫૯૭ ફરિયાદો સામે તંત્રએ ૩,૩૧,૫૫૪ ફરિયાદનો નિકાલ કરાયો હોવાનો દાવો કર્યો છે. જ્યારે ૪,૦૪૩ ફરિયાદો એવી છે કે જેનો કોઈને કોઈ કારણોસર નિકાલ થયો નથી. આમાં સૌથી વધુ બાંધકામ શાખાની ૧૪૫૧ ફરિયાદો નિકાલ થયા વગરની છે. આવી જ રીતે વોટરવર્કસ આઉટડોરની ૧૦૪૬, ડ્રેનેજ મેઈટેનન્સની ૨૬૦, દબાણ હટાવની ૨૫૬, એસ્ટેટ બ્રાંચની ૧૧૨ ટેક્સ વિભાગની ૨૨૮, સોલિડ વેસ્ટની ૧૪૪ જેટલી ફરિયાદો નિકાલ થયા વગરની છે.

### ડ્રેનેજ ચોકઅપ-ઓવરફ્લોની ૫૫.૩૮ ટકા ફરિયાદ

કોલ સેન્ટરમા નોંધાયેલી ૩,૩૫,૫૯૭ફરિયાદોની ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો પણ સૌથી વધુ ડ્રેનેજ ચોકઅપ અને ઓવરલોની ૫૫.૩૮ ટકા ફરિયાદો છે. જ્યારે રોશની વિભાગની ૮.૨૧, આર.એસ.સી.ડી.એલની ૧૧.૭૪, ડ્રેનેજ મેઈટેનન્સની ૪.૭૩, બાંધકામની ૪.૩૬ અર્બન મેલેરિયાની ૭.૧૬ ટકા ફરિયાદો છે. જ્યારે અન્ય વિભાગોની સરેરાશ ૦.૦૧ ટકાથી ૦.૪૪ ટકા ફરિયાદોનો સમાવેશ થાય છે.

### ફરિયાદનું સ્થળ કે નામ સરનામા મળતા નથી

કોલ સેન્ટરને મળેલી ફરિયાદોમાં હજુ ૪૦૪૩ ફરિયાદો નિકાલ થયા વગરની છે. આ માટે એવું કારણ અપાય છે કે, ફરિયાદ કરનાર વ્યક્તિ દ્વારા જે સરનામા અપાયા હોય છે એ સરનામા ઘણીવાર ખોટાં હોય છે. સામાન્ય રીતે ફરિયાદ કરનાર વ્યક્તિનાં મોબાઈલ નંબરની પણ નોંધ કરી સંબંધિત અધિકારીઓને નામ અને મોબાઈલ નંબર ફરિયાદ સાથે જ આપી દેવામાં આવે છે. પણ, ઘણીવાર વિસ્તાર કે શેરી નંબરની જાણકારી ન હોય તેવા કિસ્સામાં ફરિયાદીને ફોન કરવા છતાં કાં તો ફોન રિસિવ ન કરે કે પછી સાચું સરનામું આપી ન શકે તેવું પણ બનતું હોય છે. ઘણીવાર અજ્ઞાનતાને કારણે જે વિભાગની ફરિયાદ હોય તેનાં બદલે બીજા વિભાગની ફરિયાદ કરે તેવા કિસ્સામાં પણ ફરિયાદોનો નિકાલ થતો નથી.